

'કાન્ત'નો
પૂર્વાલાપ

VISIT…

LANZAROTE Caliente.com

પૂર્વાલાપ

(કાવ્યસંગ્રહ)

કાન્ત - મણિશંકર રત્નજી ભટ્ટ



'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ



આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.

*

publisher. **Ekatra Foundation** is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

પરિચય

કવિ-પરિચય



નિરંજન ભગતે જેમને ગુજરાતીના સૌથી મોટા કળાકાર કવિ કહ્યા છે અને સુન્દરમે જેમની કવિતાને કાવ્યકળાની શિશિરમાં પહેલો વસંતવિજય કહી છે — તે કાન્ત ઉપનામ વાળા મણિશંકર રત્નજી ભટ્ટ (જ. ૨૦ નવે.૧૮૬૭ — અવ. ૧૬ માર્ચ ૧૯૨૩) આપણા એક ઉત્તમ સર્જક

છે. નાટ્યગુણવાળાં અને પાત્ર-ઊર્મિની ઉત્કટતાવાળાં ખંડકાવ્યોથી એમણે નવીન કાવ્ય-સ્વરૂપ સરજ્યું ને શક્તિમંત તથા વિવિધ છંદોની સુઘડતા અને મધુરતાવાળી ચિરસ્મરણીય કૃતિઓ આપી. એવાં જ સુઘડ-મધુર સૉનેટકાવ્યો અને માત્રામેળી કાવ્યો રચ્યાં. કવિતા ઉપરાંત એમણે નાટક, વાર્તા, શિક્ષણ, અનુવાદ, વગેરે સ્વરૂપોમાં પણ લેખનકાર્ય કરેલું. એમનાં ૧૪ જેટલાં પુસ્તકો પ્રગટ થયેલાં છે.

કાન્ત એક તીવ્ર સંવેદનશીલ ચિંતક પણ હતા. ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર અને પછી ત્યાગ એમના જીવનની માનસિક-સામાજિક પરિતાપવાળી ઘટના હતી. પૂર્વાલાપ કાવ્યસંગ્રહ પ્રગટ થયો તે જ દિવસે કાશ્મીરના પ્રવાસથી પાછા વળતાં ટ્રેનમાં એમનું અવસાન થયું.

કૃતિ-પરિચય



પૂર્વાલાપની ૧૦૦ ઉપરાંત કૃતિઓમાં ખંડકાવ્યો જેવી કેટલીક દીર્ઘ છંદ-રચનાઓ છે જેમાં અતિજ્ઞાન, વસંતવિજય, ચક્રવાકમિથુન કાન્તની જ નહીં પણ સમગ્ર ગુજરાતી કવિતાની સર્વોત્તમ ખંડકાવ્ય-કૃતિઓ છે. ઉપહાર જેવી સઘન સૉનેટ રચનાઓ તથા સાગર અને શશી જેવી સુંદર ગીતમય માત્રામેળી રચનાઓ છે. સુમધુર અને સ્નાયુબદ્ધ છંદવિન્યાસ, સહજ પ્રાસની શિલ્પરચના, ભાવ-અનુસાર પલટાતા વિવિધ છંદોનું સંયોજન તથા ચિંતન અને ઊર્મિની સંયુક્ત પ્રભાવકતા — કાન્તની કવિતાની આગવી ઓળખ છે. એમની શક્તિઓ સર્વ કાવ્યોમાં એકસરખી ઊંચાઈએ રહી નથી છતાં ભાવની આર્દ્રતા અને અભિવ્યક્તિની સફાઈ તો એમાં જોવા મળે છે.

પહેલા કાવ્યથી જ વાચકને આકર્ષી લેતી આ કવિતામાં પ્રવેશવા હાર્દિક નિમંત્રણ....

નોંધ : જેમને કાન્ત અને એમની કવિતા વિશે વધુ જાણવામાં રસ હોય તે નીચેનાં પુસ્તકો જોઈ શકે

૧. રામનારાયણ પાઠક : પૂર્વાલાપની બીજી આવૃત્તિનો ઉપોદ્‌ઘાત [પ્રસ્તાવના] અને ટિપ્પણો, ૧૮૨૬

૨. સુન્દરમ્ : અર્વાચીન કવિતા, ૧૯૪૬

૩. ઉમાશંકર જોશી : સમસંવેદન,૧૯૬૫

૪. સુરેશ દલાલ (સંપા.) : ઉપહાર, ૧૯૬૭

૫. ભૃગુરાય અંજારિયા : કાન્ત વિશે, ૧૯૮૩

તથા ગુજરાતી સાહિત્યના ઇતિહાસો

(પરિચય—રમણ સોની)

કાવ્યો

૧. ઉપહાર

ફર્યો તારી સાથે, પ્રિયતમ સખે*, સૌમ્ય વયનાં!
સવારોને જોતો વિકસિત થતાં શૈલશિખરે
અને કુંજે કુંજે શ્રવણ કરતો ઘાસ પરના
મયૂરોની કેકા ધ્વનિત ધસતી જ્યાં ગગનમાં!

તરંગોનાં સ્વપ્નસ્મિત સરિતમાં જ્યાં વિલસતાં
વિલોકીને વેર્યો વિમલ કુસુમોનો ગણ, અને
સરી ચાલ્યો તે તો રસિક રમણીના ઉર પરે,
અને ત્યાં પાસેનાં તરુવર રહ્યાં ઉત્સુક બની!

ફરી સ્થાને સ્થાને, કુદરત બધીને અનુભવી,
કર્યા ઉદ્‌ગારો, તે બહુ બહુ હવામાં વહી ગયા;'
સખે, થોડા ખીણો ગહન મહીં તોયે રહી ગયા!
કલાથી વીણામાં ત્રુટિત સરખા તે અહીં ભરું.

અને તેને આજે તરલ ધરું તારા ચરણમાં
ગમે તો સ્વીકારે ગત સમય કેરા સ્મરણમાં!

* આ સંબોધન પ્રો. બલવંતરાય કલ્યાણરાય ઠાકોરને છે.

૨. ઈશ્વરસ્તુતિ

ઉત્પત્તિ, સ્થિતિ, વિશ્વ આ સકલની છે સર્વ જે તાતથી,
ઉદ્ધારાર્થ મનુષ્યના અવતરે જે માનવી માતથી,
જે ધાતા જગનો, પવિત્ર પ્રભુ, જે ત્રાતા સ્વયં નન્દન,
તે શ્રી સાંબ દયાલુ શંકર પિતા! સ્વીકારજો વંદન!

૩. મારી કિસ્તી

નવ સૂઝે ઉપાય કૈં : ડોલાય મારી કિસ્તી!
આવા તોફાનમાં જરૂર, ડૂબશે મારી કિસ્તી!

ભવસમુદ્ર છે સખત :
બચે જો હો લખ્યું લખત :
સહસા તોયે આ વખત, ઝુકાવી છે મેં કિસ્તી!

અજાણ્યો છું જોકે, અગર
નથી દીઠું બીજું નગર :
વિચાર કૈં કર્યા વગર, ઝુકાવી છે મેં કિસ્તી !

અન્ય દશા જોઈ ડરત :
ધીમે ધીમે ગતિ કરત :
પણ અરે! આ તો તરત, ઝુકાવી છે મેં કિસ્તી!

દેખી નહીં શકું ચંદર :
કેમ દેખું ત્યારે બંદર :
મોજાં તોફાનીની અંદર, ઝુકાવી છે મેં કિસ્તી!

સફરનો હતો ચરસ :
ગણતો'તો ઘણી સરસ :
દીસો ઘણાં થયાં વરસ! ઝુકાવી છે મેં કિસ્તી!

નવ સૂઝે ઉપાય કૈં : ડોલાય મારી કિસ્તી!
આવા તોફાનમાં જરૂર, ડૂબશે મારી કિસ્તી!

૪. મૃગતૃષ્ણા

જાણી મધ્યાહ્નની વેળા સ્વસ્થાને સહુ જાય છે :
અરેરે! કોણ બાલા આ દોડી શ્રમિત થાય છે?

આકાશમાં રવિ અતિશય ઉગ્ર થાય,
વાયુ પ્રચંડ અતિ આકર આમ વાય;
એવે સમે અરર! આ હરિણી બિચારી,
દોડે તૃષા થકી જણાય ગયેલ હારી!

કરે વ્યાકુલ દોડીને, સુકુમાર શરીરને :
પ્રયાસ કરીને શોધે, અરેરે! હાય! નીરને!

નાની હજી, નથી અનુભવ કાંઈ એને :
પૂછે, કહો, જલ હશે ક્યહીં, એમ કેને?
આભાસ જોઈ સઘળા સ્થળમાં ભમે છે,
અત્યંત ઉષ્ણ રવિ આતપને ખમે છે,

ધારાગૃહ વિશે બેસી મનુષ્યો હાલ ન્હાય છે :
એ સમે, હાય! નિર્દોષ બાલા આ આમ ધાય છે!

આંખો અતિશય પ્રયાસથી લાલ થાય,
ને સ્વેદબિંદુ વપુનાં જલદી સુકાય;
ચાલે નહિ ચરણ, ઠોકર ખૂબ ખાય,
શુદ્ધિ રહે નહિ જ, મૂર્છિત થાય, હાય!

હાશ! આ ગમથી આવ્યું, સૂર્ય આગળ વાદળું;
છાંયો થયો જરા તેથી, અને શાંત થયું ગળું!

નીચે પડી નયન તોય જરા ઉઘાડે,
દેખી જલાશય વળી વપુને ઉપાડે;
અત્યંત દુઃખ પણ એ તનમાં સહે છે,
સંકલ્પ ત્યાં ગમનનો મનમાં લહે છે.

અરે! એ મૃગતૃષ્ણા છે : બાલે! કાં ભૂલ ખાય છે?
અનુભવ વિના તારો શ્રમ સૌ વ્યર્થ જાય છે.

રે શું વિધિ કદરહીન હશે બહુ જ,
નિર્દોષતા તણી નહિ કંઈ હોય બૂજ?
આકાશમાં ક્યમ ચડી નહિ મેઘ આવે,
આ નિષ્કલંક પશુને દુઃખથી મુકાવે?

દીસે છે ક્રૂરતા કેવી કર્તાની કરણી મહીં!
ત્રાતા જો હોય, તો આની કેમ સંભાળ લે નહીં?

રે! આ સમે જલ મહીં રમતો કરે છે,
સાથે રહી રસિક દંપતીઓ તરે છે;

વાળા તણી અતિ મનોહર ગંધ વ્યાપે,
ઉદ્વિગ્ન કેમ નરનારી જણાય તાપે?

અરે! આ કોમલાંગીએ કેવાં પાપ કર્યાં હશે!
કર્યાં હોય, તથાપિ આ ક્રૂર શિક્ષાથી શું થશે?

થોડો રહ્યો વખત જિંદગીનો, અરે રે!
માતાપિતા-સ્મરણ આર્ત્ત દિલે કરે રે!
હા દૈવ! આંખ પણ બંધ જરાક થાય,
ને પ્રાણ છેવટ તમામ વિદાય થાય!

નથી ઈશ્વર દુઃખીનો : થયું જે જે હતું થવું :
દુનિયામાં હવે શાને, અરેરે! હાય! જીવવું?

૫. અજ્ઞાન સખા પ્રતિ

નહિ નહિ કદા તારે શબ્દે જરી લઘુતા ઘટેઃ
નહિ ક્ષમય હજી માયાની એ તને જડતા મટે!
હૃદય પણ શું ભૂલે? આસ્થા ડગે? નહિ સાંભરે,
પ્રણય રસની બ્રાહ્મી વસ્થા? સખે! ન ઘટે ખરે!

નહિ રસ, સખે! આત્માનો એ કદાપિ ક્ષમી થતો :
રસમય લસે આત્મા તો એ ચરાચરમાં છતો!
સ્મરણ કરજે માટે, વ્હાલા! સ્વરૂપ તણું, અને
સકલમયતા-સ્થાને આવી પછી મળજે મને!

૬. રમા

વ્યોમની જલની ધારા જોરમાં પડતી હતી;
ઢળી પલંગને પાયે સુંદરી રડતી હતી!

નાના સાદા શયનગૃહમાં સ્વચ્છ દીવો બળે છે,
વિદ્યુદ્વલ્લિ પ્રબલ ચમકી જ્યોતિ સાથે મળે છે;
સાહિત્યો કૈં બહુ નહિ દીસે, એક પર્યંક માત્ર,
થોડાં ઝીણાં રજનીવસનો, પાસમાં વારિપાત્ર.

આષાઢી કૃષ્ણ રાત્રિના બાર વાગી ગયા હતા;
પતિની રાહ જોવામાં બે કલાક થયા હતા!

વારે વારે પ્રથમ દિવસો લગ્નના યાદ લાવે,
સાથે સાથે અનુભવ તણું ધ્યાનમાં ચિત્ર આવે;
બાલાથી એ સહન ન થયું. આર્દ્ર હૈયું ભરાયું,
મૂંઝાવાથી કરુણ સ્વરમાં ગીત એકાદ ગાયું.

પતિનું ભવભૂતિનું ત્યાં ભાષાંતર સાંભર્યું;
પોતાને યોગ્ય શોધીને અશ્રુ સાથે શરૂ કર્યું:—

"છત્ર જેવા બેઠા હતા પિતાજી,
લગ્નગ્રંથિ અભિનવ રસાલ તાજી;
જનેતાઓ રહેતાં સંચિત જ્યારે,
તે અમારા દિવસો વહી ગયા રે!"

ફેરવી, પલટાવીને વનિતા રડતી હતી;
બારીએ જલની ધારા જોરમાં પડતી હતી!

થોડી વારે ત્વરાથી પરિચિત ચરણો સીડીને સંભળાય,
"આવ્યા છે હાશ!" એવાં વચન ઊચરતી દાદરા પાસ ધાય;
માની, પ્રેમી, પ્રમાદી, અનિયમિત પતિ વાંકને કેમ જાણે?
પોતાની ન્યૂનતા છે પ્રણય મહીં, કદી એમ ચિત્તે ન આણે!

"બહુ વાર થઈ!" એવું કહી માત્ર રહી ગયો;
રમાહૃદયનો બંધ, હાય! તેથી વહી ગયો!

વદનકમલ મ્લાનતા ધરે છે,
ઝળઝળિયાં નયનો જરા ભરે છે;
પતિ પણ નીરખી હવે રહે છે;
હૃદય દબાવી પછી પ્રિયા કહે છે: —
"નજર નાથ! તમે કરતા નથી,
પ્રબલ ખેદ થતો હરતા નથી;
નહિ જરા દરકાર દીસે, અહો!
અરર! વાંક થયો મુજ! શું, કહો!"

"આષાઢી કૃષ્ણ રાત્રિના બાર સુધ્ધાં થઈ ગયા;
ન આવી આપને તોયે આવવા જેટલી દયા!"

નીચું જોયું તરત પતિએ, ભૂલને સ્પષ્ટ જોઈ,
હૈયું ભીનું સદય બનતાં માનિતા સર્વ ખોઈ;
ચાલી લે છે કર મહીં પ્રિયા, હાથમાં હાથ જોય,
“દેવી! મારી થઈ કઠિનતા : છું ક્ષમાપાત્ર તોય!”

“નથી, નાથ! તમારો કૈં, વાંક મારો જ છે સહુ;
ક્ષમા હુકમથી માગો, દીનતા ન કરો બહુ!
મારા મહીં જ નથી માલ ખરું કહું છું,
મિથ્યાભિમાની મન નાહક હું રહું છું;
રે! આપને સુખ જરાય કરી શકું જો,
શાને રહો અવર પાસ કદી તમે તો?”

લગ્નના દિવસમાં નવી હતી,
ઠીક તેથી રમણીય લાગતી;
આપ તોપણ હતા જ તે રહ્યા;
માહરા ગુણ બધા ગયા વહ્યા!

પ્રેમ છે, એટલા માટે પ્રેમ માગી શકું નહીં;
ક્ષમા, નાથ! નહીં એ મેં જાણેલું મનની મહીં!”
***
ત્યાં તો શાથી કંઈ થઈ ગઈ બોલતી બંધ જાયા,
શબ્દો બોલ્યો પતિ પણ, અરે! તે નહીં સંભળાયા;
કાંકે જોતાં ઝટ થઈ ગયું મેઘનું ખૂબ જોર,
વ્યાપ્યું આખા નગરની મહીં તુર્ત અંધારુંઘોર!

રહી જરા જરા વ્યોમે ચમકારી થતી હતી;
સુવાડી સર્વને રાત્રિ એ પ્રમાણે જતી હતી!

૭. કલ્પના અને કસ્તૂરીમૃગ

"સુરસદન તણી જે વાડીઓમાં રમે છે,
હૃદય થકી નિહાળી આપને જે નમે છે,
પ્રમદવન તણઓ એ અપ્સરાનો જ સાથ,
નમન સહ મને આ મોકલે, પ્રાણનાથ!"

આવ્યો હતો પરમ યોગ થકી પ્રસંગ,
જામ્યો હતો સકલ વૃત્તિની માંહી રંગ :
શબ્દો પડ્યા ઉપર અમૃતધાર જેવા,
તાજા થયા હૃદય સાથ તરંગ તેવા!

માથું ઊંચું કરી નયનને સ્વલ્પ ઊંચું કરું છું,
જોવા જેવું નીરખી મનને હું સુધાથી ભરું છું;
અંગે અંગે ખૂબી નીરખીને આંખ તો જાય ચોટી,
સાચું માને નહિ હૃદય ને વાત દેખાય ખોટી!

એક અદ્‌ભુત વસ્ત્રોમાં અપ્સરા નજરે પડે;
વૃત્તિઓ થાય છે મૂઢ મુગ્ધાની મોહની વડે.

અધર મધુર તેનો જોઉં પામે વિકાસ,
વિવિધ કુસુમની ત્યાં નીકળે છે સુવાસ;
મુજ નયનની સાથે યોગ્ય જોડું રચાય,
ખબર નહિ પડે, ને કીકીઓથી નચાય!

હૈયાંના હોજમાંથી આ શું પાણી છલકાય છે?
પ્રેમ છે, એ નહીં બીજું, પ્રતીતિ એમ થાય છે.

બોલે પછી પ્રણયથી નવરાવતી એ :
વાણી સુધારસ બધે છવરાવતી એ :
"જાણ્યું હશે, હૃદય એમ મને કહે છે :
કે આપની ઇતર લોક વિશે રહે છે.

કવિતાદેવીની તેથી અમે દાસી જ આપની :
દેખીએ દિવ્ય ચક્ષુથી બિના આપ પ્રતાપની.

આવો નહિ વિપદ આપ સમી જરાય :
રાણી રહો અમર એ કવિતા સદાય :
જેની કૃપા થકી થયો સુરલોક વાસ :
સાહિત્ય જ્યાં સુખધ કોટિ જણાય પાસ!

રચના દુનિયાની હું દેખાડું સરદારને :
પાંખ ઉપર બેસીને જુઓ દેશ હજારને!"

આહા! એવું વચન વદતાં અન્ય દેખાવ થાય :
પાસે ઊંચો ગિરિવર બને, શ્વેત શોભા જણાય :

ધોળાં ધોળાં ઝરણ ટપકે, વાદળાંઓ ઘસાય :
આજુબાજુ ગહન વન આ એક ઊભું જ થાય.

રહો, એ કંઈ જોવાનું દીસે છે આ દિશા મહીં :
આવે છે કોઈ પ્રાણી એ : મને સંશય છે નહિ!

છે મંદ મંદ ગતિ આ જ પ્રદેશ સામી :
આંખો થકી કહી શકાય અપૂર્વ કામી :
કસ્તૂરિકા મૃગ સમાન વપુ જણાય :
દેખાવને નીરખતાં મન ત્યાં તણાય.

જાણે કોઈ શર શિર વિષે તીક્ષ્ણ વાગેલ હોય,
ટોળું છોડી પર દુખથી જેમ ભાગેલ હોય,
તેવી રીતે ઘડી ઘડી પછી એ અગાડી ધસે છે,
વૃત્તિની કૈં ખબર ન પડે, એ પ્રમાણે હસે છે!

અચાનક મને એનું અનુમાન થઈ ગયું :
વાદ્ય અદ્‌ભુત અસ્પષ્ટ સંભળાય અહીં કયું?

ઊંચે બધાં શિખર શ્વેત થયાં જણાય,
નીચે નદી ગહનમાં તરુઓ તણાય;
વચ્ચે જગા વિકટ ઉપર એક ચાલે,
ગારુડી કોઈ નજરેથી ગુફા નિહાળે.

અસામાન્ય છટાથી એ બજાવે હાય બીનને!
ચાલે છે ચિત્તના તંતુ જ્ઞાન ક્યાં રસહીનને?

દેખે છે કાલને સામે તોય પાછો નહિ વળે :
જવાની તો કહે, કેમ આજ્ઞા સંગીતની મળે?

અશ્રુ પડે નયનથી, બહુ ખિન્ન લાગે;
છે મૃત્યુની ખબર, તોપણ બદ્ધ રાગે;
કેદી સમાન હળવે ડગલાં ભરે છે,
અત્યંત હર્ષ સહ ચિહ્ન બધાં કરે છે.

આવે ચાંડાલની પાસે, સુણે એકાગ્ર ચિત્તથી;
લુબ્ધ લુબ્ધકનું ચિત્ત થાય કસ્તૂરીવિત્તથી!

ધીમો તેથી કંઈ પડી ગયો બીનનો એહ નાદ :
રે! રે! કેવો શબરપતિ આ થાય તારો પ્રમાદ!

ઝાંખું તેથી મખુ થઈ ગયું એમ જોતાં જણાય,
ધીમા તોયે સ્વર સમજવા નાડીઓ ફુલ્લ થાય!

કહે કરુણ ચીસોમાં : "અરે રે! આમ શું કરે?
પ્રાણદાન કરું તોય તૃષ્ણા અત્યંત શું ધરે?"

અરે! ખૂની સામે મૃગવર બિચારો ટળવળે,
તથાપિ પારાધી હૃદય તણી પીડા ક્યમ કળે?
કરે તૈયારી એ શર તણી, ફરે ચિત્ત મુજનું,
ખરે! પાપી પ્રાણી! નિધન કરું હું દુષ્ટ તુજનું!

આપે છે શસ્ત્ર તેજસ્વી સખી એ અપ્સરા મને,
દોડું ચાંડાલની સામે રાખીને ખડ્ગને કને.

મારું જઈ શિર પરે તરવાર એને :
નીચે પડે, અરર બીન! બચાવું કેને?
તે જોઈને જ મૃગ મૂર્ચ્છિત થાય, હાય!
આવું થતું નીરખતાં જ મિજાજ જાય!

"અપ્સરા, અહીં ક્યાં લાવી?" કહી હું ક્રુદ્ધ થાઉં છું;
કલ્પના જાય છે ઊડી, એકલો રહી જાઉં છું!

૮. અતિજ્ઞાન

ઉદ્‌ગ્રીવ દૃષ્ટિ કરતાં નભ શૂન્ય ભાસે,
ઝાંખી દિશા પણ જણાય, અનિષ્ટ પાસે;
જામી ગઈ તરત ઘોર, કરાલ રાત,
લાગી બધે પ્રસરવા પુર માંહી વાત.

ઇંદ્રપ્રસ્થજનો આજે વિચાર કરતા હતા;
એક બાબતને માટે શંકા સૌ ધરતા હતા.

દુર્યોધન પ્રેષિત દૂત એક,
દેખાવમાં ઘાતક દુષ્ટ છેક,
જતો હતો અંધ થતી નિશામાં,
સુગુપ્ત રાજગૃહની દિશામાં!

શાને આવ્યો હશે, તેની કલ્પનાઓ ચલાવતા;
ભય સંદેહ દર્શાવી, શિર કોઈ હલાવતા!

નિગૂઢ શંકા પુરવાસીઓની આ,
જરાય નિષ્કારણ તો નહોતી હા!

કરેલ આમંત્રણ ધર્મરાજને,
રમાડવા દ્યૂત અનિષ્ટભાજને.

હા કહીને રજા આપી યશસ્વી જ્યેષ્ઠ પાંડવે;
બોલાવ્યા ત્રણ બંધુને મળવાને પછી હવે.

શિશુ સમાન ગુણી સહદેવને,
ખબર આ કંઈયે ન કર્યા હતા;
અવર સર્વ ગયા નૃપની કને,
પરમ દુઃખિત અંતરમાં થતા!

કનિષ્ઠ દ્રૌપદી સાથે પોતાના વાસમાં હતોઃ
સતી ખેદ હતી જોતી વદને વધતો જતો!

ત્રિકાલનું જ્ઞાન હતું કુમારને,
નજીક આંખે નીરખે થનારનેઃ
સ્વપક્ષનો દ્યૂત વિષે પરાજય,
વળી દીસે દ્રૌપદીમાનનો ક્ષય!

જાણે બધું, તથાપિ કૈં કહેવાની રજા નહીં!
શમાવી ન શકે તેથી મૂંઝાય મનની મહીં.

નહિ શકું હાય! બચાવી કોઈને,
અશક્ત જેવો રહું બેસી રોઈને;
ખરે! દીસે દુઃખદ શાપ આ મને,
નિહાળું છું ભૂત ભવિષ્ય જે કને!

"હા ધિક્! હા ધિક! કૃતઘ્ની હું આમ મૌન ધરી રહઃ
આવતું વાદળું દેખી મુખથી ન કશું કહું!"

વિચારતાં નેત્ર જલે ભરાય છે,
શરીરનું ચેતન ત્યાં હરાય છે;
લઈ જઈને પ્રિય વક્ષની સમી,
ગ્રહી કરે મસ્તકથી રહ્યો નમી!

રહી જરા ફરી પાછો છૂટો થાય શરીરથીઃ
"પ્રિયે! સ્પર્શ કરું શું હું? અધિકાર જરા નથી!"

"કરાય શું નિષ્ફલ જ્ઞાન સર્વ આ,
થનાર ચીજો નવ થાય અન્યથા :
સદૈવ ચિંતા દિલમાં વહ્યા કરું,
અનેક હું એકલડો સહ્યા કરું!

રજની મહીં સખી ઘણીક વેળા,
નયન મળે નહિ ઊંઘ જાય ચાલી;
કરી તુજ શિરકેશ સર્વ ભેળા,
વદન સુધાકરને રહું નિહાળી!"

આવું કહ્યું, ત્યાં શિર શૂળ ચાલ્યું,
રહ્યું નહીં મસ્તક મત્ત ઝાલ્યું;
મારી કુમારે અતિ આર્ત્ત હાય,
કહ્યું, "હવે એક જ છે ઉપાય!"

ચાલી જરા ને ગ્રહી એક શીશી,

પ્યાલી ભરી દંતથી ઓષ્ઠ પીસી :
ખાલી કરી કંઠ વિષે ત્વરાથી;
ગયો બધો એ બદલાઈ આથી!

સતી બેભાન શય્યામાં ગંધથી જ પડી ગઈ;
સૂતો જ્યોતિષી પ્યાલીને છાતી સાથે જડી દઈ!

૯. સ્નેહશંકા

વનોનાં વૃક્ષોને તરુણ વયમાં છેદ કરતાં,
જશે તે રુઝાઈ, ત્વચ નવ ફરી વાર ધરતાં;
જનોમાંયે તેવા જડ હૃદયમાં તેમ બનતું,
થતાં થોડી વેળા, ક્ષતરહિત પાછું થઈ જતું!

મને બીજાઓનાં નથી વચનની લેશ પરવા,
સદા ચિંતા જેવી અભિમુખ રહું વૃત્તિ હરવા;
વહું સ્વેચ્છાચારે જગત ભણી દૃષ્ટિ જ ન લહું,
બધે એવો તોયે પ્રિયજન સમીપે શિશુ રહું!

નહિ તેના શબ્દો કઠિન કદીયે થાય સહન,
જરા તેને શંકા મન મહીં કરે દુ:ખ ગહન;
વિપત્તિમાં ક્યારે પણ નયન જે કૈં ન ડરતાં,
કહે થોડું તે, ત્યાં તરત જલ એ પૂર્ણ ભરતાં.

જનેતા ને ભ્રાતા! પ્રિયતમ સખા ને પ્રિયતમા!
જણાવું છું, મારે તમ વગર કોની નથી તમા;

નહીં લેખું કાંઈ સકરુણ રહો સ્વલ્પ પણ જો,
તમારી પાસે તો કુસુમ સરખો કાન્ત ગણજો!

૧૦. રાજહંસને સંબોધન

બહુ દિવસથી સ્વેચ્છાએ તેં પ્રવાસ શરૂ કર્યો,
સર સરિત કૈં જોતાં જોતાં એક જગે ફર્યો;
હજી પણ, સખે! પાસે આવ્યું ન માનસ તો દીસે,
વિરતિ કરી લે માટે આજે હવે સ્થલ આ વિશે!

વિકટ વનથી થાકી દૃષ્ટિ જરા અહીંયાં ઠરે,
અનિલલહરી આવી પાસે તનુશ્રમને હરે;
મૃદુ રવ વળી ધીમે ધીમે વહી ઝરણાં કરે,
સકલ રચના મેળે મેળે પ્રસન્ન તને કરે!

અનુભવ નથી રસ્તાનો કૈં હવે પછીના તણો,
શ્રમ પણ, સખે! આગે જાતાં કદાચ પડે ઘણો;
ત્વરિત ન થતાં માટે આંહીં જરા ઠરવું ઘટે,
મધુર જલમાં ચિંતા છોડી જરા તરવું ઘટે!

કમલવન છે ક્રીડા માટે સમીપ મનોહર,
કુસુમિત લતાઓમાં પેસી પરાગ બધે ભર;

ક્ષણ સુખ તણી આવી પાછી કદાચ મળે નહીં,
અવર વીસરી એકત્વે થા તું સાંપ્રતની મહીં!

૧૧. વસંતવિજય

“નહીં નાથ! નહીં નાથ! ન જાણો કે સવાર છે!
આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે.”

હજારો વર્ષો એ વચન નીકળ્યાને વહી ગયાં,
ખરે! વક્તા શ્રોતા નથી તદપિ એ વિસ્મૃત થયાં;
સહુ માદ્રી પાંડુ તરત જ પિછાને ઊચરતાં,
વટી જોકે વેળા નિરવધિ શતશૃંગ ફરતાં.

ગિરિના પ્રાંતમાં કોઈ બાંધી પર્ણકુટી દ્વય,
બંને રાજ્ઞી તથા રાજા કરતાં કાલ ત્યાં ક્ષય.

નિદ્રા પ્રશાંત જરીયે ન હતી થયેલી,
દુ:સ્વપ્ન દર્શન મહીં જ નિશા ગયેલી;
“ખુલ્લા પ્રદેશ પર જૈ ફરું થોડી વાર.”
ઊઠ્યો નરેન્દ્રમાં મનમાં કરી એ વિચાર.

ધીમે શયનને છોડી જરા એ બ્હાર જાય જ્યાં,
“નહીં નાથ! નહીં નાથ!” શબ્દો એ સંભળાય ત્યાં.

"પ્રિયે માદ્રી! શું છે? નથી નથી જતો સ્નાન કરવા,
વહી નિદ્રા, માટે અહીં તહીં જરા જાઉં ફરવા;
મટયું આ અંધારું તરત, નથી રાત્રિ પણ બહુ,
હંમેશાંને સ્થાને પછી કરીશ હું આહ્નિક સહુ."

ન જવાનું કહી દેવી નિદ્રાવશ થઈ હતી;
જાગર્તિ ક્ષણ રોકાઈ ફરી પાછી ગઈ હતી!

"સારું થયું પ્રિય સખી થઈ છે પ્રસુપ્ત,
સાચી બિના નહિ જ રાખી શકાત ગુપ્ત;"
સંતોષથી નૃપતિ થાય હવે વિદાય,
છે અંધકાર, પણ ભૂલ જરા ન ખાય.

કંસારી તમરાંઓના અવાજો આવતા હતા :
સ્થળ કાલ છતાં શાંત બંનેને ભાવતા હતા!

વહે ઠંડો વાયુ કરી દઈ બધે શાંતિ વનમાં,
ઘણા થોડા ઓજ ઉડુગણ પ્રકાશે ગગનમાં;
હજી એકે પ્રાણી ગિરિ મહીં નહીં જાગ્રત દીસે,
વધે અંધારામાં નરવર અગાડી વન વિશે.

જ્યાં જવું હતું તે આવ્યું સર સુંદર પાસનું;
આપ્યું હતું પુરા જેને નામ `માદ્રીવિલાસ'નું.

ઝાંખી ભરેલ જલની સ્થિરતા જણાય,
જોતાં જ તર્ક નૃપના ક્યહીંયે તણાય;

બેસે શિલા ઉપર ચાલી સચિંત રાય,
ઊંડા વિચાર મહીં છેવટ મગ્ન થાય.

અનિદ્રા શ્રમથી તેનો ધૈર્યભ્રંશ થયો હતો;
પૂર્વના સ્મરણો માંહી ઘણો કાલ ગયો હતો.

થવા માંડયા ત્યાં તો રવિઉદયનાં ચિહ્ન સઘળે.
ઊઠેલી સૃષ્ટિના વિષમ સ્વર સાથે સહુ ભળે;
જવા માંડયું સર્વે સ્થલ મહીંથી અંધારું ઝટ જ્યાં,
પુરાયો પ્રાચીમાં નવલ સરખો રંગ પણ ત્યાં!

કોલાહલ થવા લાગ્યો અરુણોદયથી બધે;
પૂર્વની રક્તિમા સાથે સહુ આક્ષોભ એ વધે!

વૃક્ષો અદશ્ય સઘળાં નજરે પડે છે :
ધોળાં અનેક ગમથી ઝરણાં દડે છે :
એ દેશ ચક્ષુ તજી ઉપર જ્યાં ચડે છે,
ઊંચાં પ્રચંડ શિખરો નભને અડે છે.

“અરે! શું આટલો કાલ નિષ્કારણ વહી ગયો!”
સદ્ય એવું કહી રાજા સ્વસ્થાનેથી ઊભો થયો.

ઊઠી જોતાં શોભા બહુ જ બદલાયેલ નીરખી :
ડગ્યું પાછું ધૈર્ય, સ્મરણ મહીં આવી પ્રિય સખી :
“નિહાળું છું શું હું મનહર વસંતપ્રસરને?
અરેરે! શેની શી અનુભવ કરું છું અસર એ?”

સૃષ્ટિસૌંદર્યને જોતાં કૈં રોમાંચ થયું હતું;
ઘણા દિવસનું પેલું યોગાંધત્વ ગયુ ◌ંહતું.

ઊડે, દોડે, એવી જલચર કરે ગમ્મત ઘણી,
નિહાળી તે, જોયું વળી પછી જરા પર્વત ભણી;
ગમી ના એ વૃત્તિ; હૃદયરસથી સંયમ ચડયો,
"થઈ ન્હાવાવેળા," નૃપતિ કહી એવું મહીં પડયો.

સ્નાનથી થઈને શાંત પડયો એ નિત્યકર્મમાં;
જતાં રાગ બની વૃત્તિ પાછીં તદ્રૂપ ધર્મમાં.

પૂરું કરી તસ્ત તે સ્થલને તજે છે,
ઇચ્છા વિરુદ્ધ દઢ આગ્રહને સજે છે:
"શાને થવું પતિત આશ્રમધર્મનાથી?
સૌંદર્ય શું? જગત શું? તપ એ જ સાથી."

જઈ આશ્રમમાં લે છે નિત્ય માફક ભોજન;
ઇચ્છે પછી જરા નિદ્રા પૂર્ણ વીસરવા વન.

ઊઠયો થોડી વારે નૃપતિ જ્યમ નિદ્રા કંઈ લઈ
મનોવૃત્તિ તેવી સ્થિર, વિમલ ને સાત્ત્વિક થઈ;
જઈ થોડે છેટે પછી અનુભવે શીતલ હવા,
પડે દષ્ટિ માટે વન તરફ લાગે નીરખવા!

અક્ષુબ્ધ હૃદયે જોઈ રચના એ ઋતુ તણીઃ
મળવાને પછી ચાલ્યો બીજી પર્ણકુટી ભણી.

માદ્રી જ માત્ર હતી હાજર એહ વાર,

કુંતા ગયેલ કંઈ કારણથી બહાર!
માતા સતી નકુલ ને સહદેવની એ,
હા! તાપસી નૃપની સાથ હતી બની એ.

ઝીણા વલ્કલને આજે એણે અંગે ધર્યું હતું;
નહીં લાવણ્યને ઓછું વનવાસે કર્યું હતું.

“નથી શું કુંતાજી? નહિ અરર આંહી રહી શકે
પ્રિયે! તું એકાંકી? સ્વજન વિણ વૃત્તિ ક્યમ ટકે?
ખરે ત્યારે આનો અનુભવ જરા આજ કરીએ,
જરા આ પાસેના ઉપવન વિશે કાંઈ ફરીએ.”

પ્રસંગ બદલાતાં એ સિદ્ધાંત વીસરી ગયો :
મટી તાપસ એ પાછો ભર્તા — સ્વામી — ખરે ! થયો!

શાંતિ મહીં નહિ થયો કંઈ ફેરફાર,
તેથી જ હાલ નૃપતિ વીસર્યો સવાર :
માદ્રી નહિ કરી શકી કંઈયે નકાર :
જાણેલ હોય કદી શું વિધિના પ્રકાર?

પૂર્વાશ્રમ તણી બુદ્ધિ પાછી આવી ગઈ હતી :
ફરે સાંપ્રતને ભૂલી વનમાં સાથ દંપતી.
વહી જતાં ઝરણાં શ્રમને હરે,
નીરખતાં રચના નયનો ઠરે :
મધુર શબ્દ વિહંગ બધાં કરે,
રસિકનાં હ્રદયો રસથી ભરે!

વસંતે સ્થાપેલું પ્રબલ નિજ સામ્રાજ્ય સઘળે,
નવાં રૂડાં વસ્ત્રો તરુવર ધરે છે સહુ સ્થળે;

બધી સામગ્રી એ મદનરસથી સૃષ્ટિ ભરતી,
જનોના જુસ્સાને અતિ ચપલ ઉદ્દીપ્ત કરતી.

ઊછળ્યું લોહી તેથી એ સાવધાન થયો નહીં :
સ્ત્રીસંગે નર્મગોષ્ઠીમાં વધે છે વનની મહીં.

ઉત્તુંગ નમ્ર સહકાર દીસે ઘણાય,
લાખો વળી અગુરુ ચંદન ત્યાં જણાય;
વૃક્ષો, લતા, સકલ કૈંક અપૂર્વ રંગ,
જામે ન કાં પ્રબલ મિત્ર વડે અનંગ?

ફરતાં ફરતાં આવ્યો એક માલતીમંડપ;
પ્રવેશ સતીની સાથે કરે છે તે મહીં નૃપ.

ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય;
બેસીને કોણ જાણે ક્યહીં પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય,
ગાળી નાંખે હલાવી રસિક હૃદયને, વૃત્તિથી દાબ જાય.

“સાંભળ્યું મોહ પામીને હવે કોકિલકૂજન;
પ્રિયા પંચમ વૃષ્ટિથી ન્હાવાનું થાય છે મન.”

જરા શંકા પામી, તદપિ નહિ કાંઈ કહી શકી,
વળી એવી ભીતિ નૃપવદન જોતાં નહિ ટકી;

નહીં રાજાજીનો હુકમ પણ પાછો કદી ફરે,
વિચારી એ માદ્રી તરત જ જરા કૈં શરૂ કરે.
દિવ્ય રાગ શરૂ થાતાં બન્યું શાંત બધું વન;
લોહચુંબકથી જાણે ખેંચાયાં સર્વનાં મન.

માધુર્ય એ ઊછળતું ક્યહીં ના સમાય,
હા! કેમ આ હલક અંતરથી ખમાય;
સાથે મળ્યાં તરત દંપતી સર્વ દોડી!
ભેટી રહ્યા સ્વર વિષે દઈ વૃત્તિ જોડી!

ઘેલી બની બધી સૃષ્ટિ રસમાં હાલ ન્હાય છે:
હાય! એક જ પાંડુના હૈયામાં કૈંક થાય છે!

સંગીતામૃત વર્ષતાં પ્રથમ તો આનંદ વ્યાપી ગયો;
સાતે એક કરું પ્રિયાહૃદયને આવેશ એવો થયો;
ખેંચાયો પણ વેગ પૂર્ણ કરતાં, આવી સ્થિતિની સ્મૃતિ,
રાખે અંકુશ, તોય સ્પષ્ટ વપુમાં દેખાય છે વિકૃતિ.

નિહાળી નૃપને રાજ્ઞી જરા ગાતાં રહી ગઈ;
હાય રે! ઊલટી તેથી તેની શાંતિ વહી ગઈ!

"પ્રિયે! માદ્રી! આહા! સહન મુજથી આ નથી થતું;
નહીં મારે જોઈએ તપફલ, ભલે એ સહુ જતું;
ચલાવી દે પાછી મધુર સ્વરની રમ્ય સરિતા,
છટાથી છોડી દે! અરર! ક્યમ રાખે નિયમિતા?"

વૃત્તિઓ પરથી તેનો અધિકાર ગયો હતો;
અપૂર્વ ધ્વનિથી પૂરો મદોન્મત્ત થયો હતો :

"સખી! દેવી! વ્હાલી! સ્વરૂપ તુજ આજે બહુ દીસે,
ખરે! રંભા જેવી રસમય અહીં નંદન વિશે :"
નિહાળે વર્ષાવી પ્રણયરસ બંને નયનથી,
જરા ધાસ્તી પામે સતી પણ હવે હાય! મનથી.

ગીત પૂર્ણ થતાં રાજા જાય છે પાસ કૈં મિષે;
"ક્ષમા — પ્રાણ નહીં." બોલી; લે છે એને ભુજા વિશે!

"રે હાય! હાય! નહિ નાથ નહીં," કહીને,
છૂટી જઈ ભુજ થકી અળગી રહી તે;
હા! દીન દષ્ટિ કરી એ નીરખી રહે છે,
દુ:ખે ભર્યાં નયનથી નૃપને કહે છે :—

"ડરું છું, ભય પામું છું, જોઈને આજ આપને :
અરે! કેમ વિસારો છો ઋષિના ઉગ્ર શાપને?

બહુ બીતી બીતી થરથર થતી એ કરગરે,
નથી ઓછી થાતી વિકૃતિ નૃપની તોપણ, અરે!
"ઘટે છે શું દેવી! હૃદય પર આ નિર્દય થવું?
અરેરે! આ આવું પ્રબલ દુખ! મારે ક્યહીં જવું?

"પ્રિયા! પ્રિયા! પ્રિયા! તારા હાથમાં સર્વ હાય રે!
ત્વરાથી દેહ જોડી દે : આ તો નહીં ખમાય રે!

"જાણું બધું, પણ દીસે સ્થિતિ આ નવીન :
મારું નથી બલ, બન્યો જલ બ્હાર મીન :

દેવી! વિચાર કરવા સઘળા તજી દે :
રે હાય! સ્પર્શસુખ, પ્રાણસખી! હજી દે!"

વિચાર કરવા જેવો હવે વખ્ત રહ્યો નહિ;
ઝંપલાવી પડી માદ્રી નરેન્દ્ર-ભુજની મહીં.
***
નહીં ચાલે આથી ગત સમયમાં દૂર હૃદય:
પડ્યા શબ્દો છેલ્લા શ્રુતિ પર બહુ મંદ સદય.
જરા ત્રુટ્યાં વાક્યો કંઈ કંઈ થઈ ને રહી ગયાં :
હજારો વર્ષો એ પછી પણ હવે તો વહી ગયાં!

૧૨. ઉપાલંભ

જોયું મેં ન મળ્યું મને નયનમાં, શબ્દો મહીંયે નહીં,
હર્ષોન્મત્ત સદૈવ છેક બનતો તે કૈંક આજે ક્યહીં;
રે પ્હેલાં ન હતી કદી અનુભવી આવી ઉદાસીનતા,
દીઠી શું ન કઠોર! તેં કરુણ જે વ્યાપી મુખે દીનતા?

હૈયાનું ઝરણું રસાલ સહસા ખૂટી પડયું શું સખે?
પૃથ્વી કર્કશ જોઈ કાયર થતાં બીજે વળ્યું શું રખે?
સ્વાર્થી તું ન ગણી શકાય મનથી તોયે રહું રોષમાં,
મર્માઘાત ન શાન્ત થાય નિજને માનું બધા દોષમાં.

વર્ષોના સહવાસથી પણ અરે! જાણ્યો નહીં તેં મને,
જાણે શા થકી યોગ્ય છે પ્રણયના શા તું ઉપાલંભને?
સ્નેહી, સ્નેહ તણો અનાદર કહે શી રીતથી હું સહું?
આલંબી ઊછરેલ કેવલ રહું શાથી નિરાધાર હું?

જો કૈં હોય વિકાર વૃત્તિ મહીં તો છે વ્યર્થ આ બોલવું,
શાને નિર્દયની કને હૃદયને મર્માંતમાં ખોલવું?

પ્રેમી છું નહિ, પ્રેમથી અવશ છું, સ્વાતંત્ર્ય તો કૈં નથી,
રાખી તોય શકીશ વૃત્તિ મનમાં તાટસ્થ્ય સામે મથી.

૧૩. પડેલા સ્નેહીનો પ્રત્યુત્તર

મોહ્યો હું દગથી, દગે નમન ના કીધું પછી કોઈને,
ગાંભીર્ય, દઢતા, અને સરલતાં તારાં, સખે! જોઈને;
ગર્વોન્મત્ત થયો, ખરી ફરજ કૈં ભૂલ્યો, પડયો ગહ્વરે,
સ્નેહી માનવ! સાથ તું પણ પડયો એવો જ! શું તું કરે?

હાવાં કૈં સ્મૃતિસાગરે લહરમાં આંસુ મિલાવી, અને
હૈયાને નવરાવતો, પણ સખે! ના એ પુરાણું બને :
છે તારું જ તથાપિ : નિર્મલ નહીં, તોયે ખરું : રાખતું
વાત્સલ્ય પ્રતિબિંબ આત્મગહને હેંશે હંમેશાં છતું!

૧૪. ચક્રવાકમિથુન

પ્રસરી રહી ચોપાસ શાખાઓ શૈલરાજની :
ન જણાય, જશે કેવી સંધ્યા એ મધ્ય આજની!

સરિતનાં જલ કૃષ્ણ જરા થયાં,
કિરણ સૂર્ય તણાં શિખરે ગયાં;
સભય નાથ પ્રિયા હૃદયે ધરે,
વિરહ સંભવ આકુલતા કરે!

ઝાંખાં ભૂરા ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ;
વર્ષાકાલે જલધિજલના હોય જાણે તરંગ!
પાસે સામે તમ પ્રસરતાં એક ઉદ્‌ગ્રીવ જોય,
ભીરુ શ્યામા પણ નયનમાં આવતું અશ્રુ લ્હોય.

વિહગયુગ્મ કિશોર રસજ્ઞ એ,
રસ મહીં જ પરસ્પર મગ્ન એ,
નિભૃત અત્ર અહર્નિશ આવતું,
રમણ આચરવા મન ભાવતું!

ઊંચે બેસી રવિઉદયને જેહ સાથે વિલોકે,
ઘેલાં જેવાં ક્ષણ સ્મૃતિ થતાં જે દીસે હર્ષશોકે;
ઘાટાં ભીનાં વિટપ પર એ ત્યાં નિહાળે સુવર્ણ,
માણિક્યોથી ગ્રથિત સરખાં રમ્ય જ્યાં થાય પર્ણ.

હરિત નીલ સુદૂર વનસ્થલી —
પર મળી સુકુમાર મૃગો રમે;
ઉપવનો તણી સંવૃત આવલી —
મહીં જવા પ્રણયી તરુણો ભમે!

નાનાં નાનાં ક્યહીં શુચિ સરો, કચ્છ ઉત્તાન રમ્ય,
સ્નેહે જોવા થકી ઊપજતી ભાવના કૈં અગમ્ય!
આઘું આઘું મુદિત રવનું ચિત્ર સંગીત થાય
શાનો ક્યાંથી કંઈ નીસરતો મિષ્ટ આમોદ વાય!

અસર સુંદર અદ્‌ભુત રંગની,
સકલ સૃષ્ટિ નવીન ખરે બની;
રવિમરીચિ બધે હિમને હરે,
ગહનમાં તદનંતર ઊતરે.

શાખાઓમાં તરુવર તણી ચક્રવાકી છુપાતી,
શોધી કાઢે દયિત નયનો, જોઈને હૃષ્ટ થાતી;
ચંચૂ ચંચૂ મહીં લઈ પછી પક્ષને પક્ષમાં લે,
ક્રીડા એવી કંઈ કંઈ કરે મૌગ્ધ્યમાં દંપતી તે,

સુયુત બે ચરણો થકી ઊડતાં,
પવનથી પડતાં કંઈ બૂડતાં;

વિમુખ એકલી ન્હાતી પ્રિયા-શિરે,
પતિ જઈ અભિષેક કદી કરે!

કાંઠે બેસી નજર કરતાં આત્મછાયા જણાય,
બીજાંની ત્યાં પ્રતિકૃતિ ભણી એક દૃષ્ટિ તણાય.
પૂરાં અંગો નહિ કંઈ દીસે, પ્રેમ તો તોય વાધે,
જોતાં જોતાં મુખ અવરનું ગાઢ આશ્લેષ સાધે!

પ્રણયની પણ તૃપ્તિ થતી નથી :
પ્રણયની અભિલાષ જતી નથી :
સમયનું લવ ભાન રહે નહિ :
અવધિ અંકુશ સ્નેહ સહે નહિ!

હાવાં રક્ત દ્યુતિ ઊડી જતાં થાય વૃક્ષો સરોષ,
હાવાં ઠંડી મૃદુ વહનથી સૂચવે છે પ્રદોષ;
આકાશે જ્યાં હતી વિચરતી દેવતાઓ ત્યહીંથી,
જાગ્યા પ્રેમી વિરલ સુખની મોહનિદ્રા મહીંથી.

વિરહસંભવને વીસર્યાં હતાં,
બની નિરંકુશ બેય ફર્યાં હતાં;
જવનિકા ત્રુટતાં સ્મૃતિનાશની,
નિકટ મૂર્તિ ઊભી વિધિપાશની!

અનુભવે ન છતાં ક્ષણ એક તે,
વિવિશ, મૂઢ, નિરાશ જ છેક તે;
સહુ થનાર ક્રમે નજરે વહ્યું,
રુદન અંતરમાં ઊછળી રહ્યું!

અંધારાનાં પ્રલયજલથી યામિની પૂર્ણ ઘોર,
સ્વેચ્છાના વા કુટિલ કૃતિના મંદ્ર અવ્યક્ત શોર,
ઊંડાણોમાં પડી સૂઈ જતો નિષ્ઠુરપ્રાણ કાલઃ
આભાસોથી થતું યુગલ ઉન્મત્ત એ સ્નેહબાલ!

થઈ તથાપિ વિમુક્ત પ્રયાસથી,
લઈ વિદાય નદીતટ પાસથી;
મિથુન એહ ચડે અવકાશમાં,
સ્થિતિ કરે દિનતેજ-સકાશમાં.

અવર કાંઈ હવે નથી દેખતાં :
અવર કાંઈ હવે નથી લેખતાં :
ચપલ, આખરની, ક્ષણ એ છતાં,
ઉભય જીવન એક થતાં દીસે!

ધીમે ધીમે ગતિ કરી જતો પશ્ચિમે સૂર્ય જેમ,
ઊડી બંને ગ્રહણ કરતાં ઉન્નત સ્થાન તેમ;
દૃષ્ટિ પ્રેરે વિતત ગગને, કાંતિ કૈં ના જણાય.
આછી આછી રસ રહિત ત્યાં વાદળીઓ તણાય.

ઉદધિને રવિબિંબ હવે અડે,
અતિ સમુચ્છ્રિત તેય હવે ચડે,
ક્ષણ લગી પરિરંભ કરી રહે,
હૃદય કંપિત સાથ ધરી રહે!

રોમે રોમે વિરહભયની વેદનાથી બળે છે,
છૂટી છૂટી, સહન ન થતાં, મત્ત પાછાં મળે છે;

વેળા થાતાં વિધિદમનની ગાત્ર ખેંચાય સામાં,
પ્રેમી બંને ધૃતિ અતિ છતાં થાય સંમૂઢ આમાં.

ટળવળે નીરખી રચના વને,
તરફડે સમજી રચનારને :
શ્વસન દુ:ખિત છેવટ સારતી,
પ્રિયતમા વચ આમ ઉચારતી:—

“પાષાણોમાં નહિ નહિ હવે આપણે નાથ! હેવું :
શાને આવું, નહિ નહિ જ, રે! આપણે, નાથ! હેવું!
ચાલો એવા સ્થલ મહીં, વસે સૂર્ય જેમાં સદૈવ,
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દૈવ!”

પ્રવદતાં અટકી ગઈ એ અહીં,
અધિક ધીરજ ધારી શકી નહીં;
થઈ નિરાશ હવે લલના રુવે,
મૃદુલ પિચ્છ થકી પ્રિય તે લ્હુવે!

પણ હજી દિન શેષ રહ્યો જરા,
નજર ફેરવી જોઈ બધી ધરા;
પ્રણયવીર લહી સ્થિરતા કહે,
અગર જો રુજ અંતરમાં સહે :—

હા! શબ્દો આ સરલ સરખા મર્મને તીવ્ર ભેદે,
ગર્ભાત્માને સ્ફુરિત કરતા ધૈર્યને છેક છેદે;
“લાંબા છે જ્યાં દિન, પ્રિય સખી! રાત્રિયે દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની હાય! આશા જ કેવી!

અવર કાંઈ ઉપાય હવે નથી :
વિરહ, જીવન, સંહરીએ મથી :
ગહનમાં પડીએ દિન દેખતાં :
નયન મીંચી કરી દઈ એકતા!"

***

પાછું જોતાં દ્વિજયુગલને અન્યથા થાય ભાસ,
ઊંડું ઊંડું દિનકર સમું કૈંક દેખાય હાસ;
"આહા! આહા! અવર દુનિયા! ધન્ય!" એ બોલતામાં,
નીચે નીચે ઊતરી પડતું વેગથી દંપતી ત્યાં!

અધિક એહ પ્રકાશ થતો જતો,
જવ જનાર તણો વધતો જતો;
અમિત એ અવકાશ તણી મહીં,
ક્યહીં અચેતન એક દીસે નહીં!

૧૫. દેવયાની

“રજનીથી ડરું, તોયે આજે એ લેખતી નથી;
ક્યાં છો? કચ! સખે! ક્યાં છો? કેમ હું દેખતી નથી?”

લંબાવેલા સ્વર મધુર આ વ્યોમ માંહે ફરે છે,
પુષ્પે પુષ્પે વિટપ વિટપે નૂતન શ્રી ભરે છે;
નાનાં નાનાં વપુ ધરી શકે શોધતા એ દિશામાં,
રેલંતા એ રતિ વિવિધ શી કૈં શશીની નિશામાં!

દિવ્ય પ્રભા નીરખી ઉત્સુક જે થયેલી,
દેખાડવા સુહૃદને પ્રણયાર્દ્ર ઘેલી;
તે આ સ્વભાવસરલા કરી દોડ નાની
બોલાવતી ધસતી બાલક દેવયાની.

તરે જે શોભાથી વન વન વિષે બાલહરિણી;
સરે વા જે રીતે સુરસરિતમાં સૌમ્ય કરિણી;
કરે એવું જ્યોત્સ્નાભ્રમણ, ભ્રમણે જ્યાં અટકતો
શશાંક પ્રેક્ષીને સુભગ મણિ સેંથે ઝબકતો!

તરુઓ અભિનંદે આ અંગો લલિતને નમી;
સમગ્ર નભ વર્ષે છે, આહા! ઉપરથી અમી!

ઠંડો મીઠો કુમુદવનનો માતરિશ્વા વહે છે;
ક્રીડંતો જ્યાં તરલ અલકશ્રેણિ સાથે રહે છે;
બાલાને એ વ્યજન કરતો દાખવે અભિજાત્ય,
પ્રેરે નૃત્યે પદ રસિકનો અગ્રણી દાક્ષિણાત્ય!

જેવી તરંગે શિખરે જલદેવી નાચે;
વક્ષ:સ્થળે શિશુ સમી ગણી સિંધુ રાચે;
અજ્ઞાત તેવું રમણીય નિહાળી લાસ્ય,
પામે પ્રમોદ વસુધા ઊભરાય હાસ્ય!

હવે તો મેદાને વરતનું દીસે છે વિચરતી;
વિલોકે સામે, ત્યાં ત્વરિત ચરણોની ગતિ થતી;
રહ્યાં બંને બાજુ તરુવર, નહીં કાંઈ વચમાં,
વસેલું આવીને પણ સકલ સૌંદર્ય કચમાં!

રોહિણીપતિના ભાલે રશ્મિઓ રમતા હતા:
તુહિનાચલના જાણે શૃંગમાં ભમતા હતા!

શોભીતા શા સહુ અવયવો, સ્નિગ્ધ, ગોરા, ભરેલા,
યોગાભ્યાસ પ્રબલ થકી શા યોગ્યતામાં ઠરેલા :
ગાલે, નેત્રે, સકલ વદને, દીપ્તિ સર્વત્ર ભાસે,
જ્યોત્સ્નાને એ વિશદ કરતો સ્વચ્છ આત્મીય હાસે!

આકાશમંડલ ભણી દગ એ નથી જ,

વિશ્રામ આજ નથી ભૌતિક કોઈ ચીજ;
નેત્રો નિમીલિત થતાં હૃદયે તણાય,
અધ્યાત્મચિંતન-નિમગ્ન થયો જણાય!

હવે તો આ આવી નિકટ ગુરુકન્યા કચ તણી,
અવસ્થાને જાણી નહિ, અગર જાણી નહિ ગણી;
"નિહાળે શું? હા! તો સફળ સમજું આગમનને!
નહીં : નીચી દૃષ્ટિ : અરર! અવમાને ગગનને!"

કર સાહી કહે મીઠું : "વ્યોમસાગરને તટે,
મુખ તો વિધુલક્ષ્મીનું જો, સખે! આમ ના ઘટે!"

પાડી નાખે તનુ પર પડયું બિંદુ જે હૈમ આવી,
ઝાડીમાંથી મૃગપતિ જરા યાળ જેવો હલાવી;
કીધો નીચે સુતનું કરને એ પ્રમાણે કચે જ્યાં,
ઝાંખા જેવો વિધુ પણ થયો દૈન્ય દેખી નભે ત્યાં!

સાશંક ભીરુ નીરખી રહી આસપાસ,
નાનું દીસે મુખ અનાદરથી ઉદાસ;
ધીમે હવે કચ ભણી જ્યમ એ વળે છે,
તેવું જ હા! ઊતરતી દગને મળે છે!

જરા જોયું, ત્યાં તો અતિશય દીસે છે પ્રસરતી,
કુમારીને લજ્જા, નયન પણ નીચાં જ ધરતી;
રહી વેળા થોડી કચ પણ હવે આમ ઊચરે,
હતું ધીમું તોયે, પરિચિત છતાં એ પણ ડરે!

“અવસ્થાભેદનું, દેવી! તને ભાન દીસે નહીં :
મુગ્ધ! શું સમજે છે તું બાલભાવ બધા મહીં?”

રે રે! એને શ્રવણ ન કદી વાક્ય એવું પડેલું,
હૈયું એનું મૃદુલ વિરલું ગર્ભમાંથી ઘડેલું;
આંસુ આવ્યાં નહિ પણ બની બાલિકા છેક ઝાંખી,
ઊભી યત્ને, વિવશ ચરણે, મર્મ નઃશ્વાસ નાંખી!

આ તે ઊભી કુમુદિની સરખી નમેલી,
જે ચંદ્રની વિકૃતિને ન કદી ખમેલી;
લાવણ્યને વિવશ જોઈ નહીં શકે જે,
ચિત્તે બહુ વખત રોષ ક્યહાં ટકે તે?

સ્વસા જેવી, જેને દિલગીર કરેલી નહિ કદા,
રહી સાથે જેની શિશુ સમ બનેલો પણ સદા;
કરી તેની આવી સ્થિતિ નિજ કઠોર પ્રવચને,
થયો પશ્ચાત્તાપ પ્રબલ મનમાં તુર્ત કચને.

શબ્દ સાંત્વનને માટે શોધે, પણ મળે નહીં;
વિચારે બહુધા, તોયે કંઈ ચેન વળે નહીં!

રોતી હોશે અવનત મુખે એમ શંકા કરીને,
ઊંચી લીધી તનુ કટિ કને બાહુ સાથે ધરીને;
“બોલે! શું છે વદ નભ વિશે, સજ્જ છું સર્વ જોવા,
તારી સાથે, અધિક રડશે તો પછી સાથ રોવા!”

રોકેલ અશ્રુદલ જે હૃદયે જડીને,

ભીંજે કપોલ કચના હમણાં પડી તે;
છાયું હતું ઘનપટે મુખ ખેદનાએ,
ત્યાંયે સુહાસ્ય વિધુના સમ અલ્પ થાય!

ધરી હૈયા સાથે સદય મૃદુ આલિંગન કર્યું;
વહીને ઓષ્ઠેથી મધુર વદને ચુંબન ઠર્યું;
કરી નીચી હાવાં સજલ નયને એ નીરખતો,
છવાયેલું હર્ષે વદન દીસતાં હર્ષિત થતો.

સ્ફુરે લાવણ્યનું શું આ પરિવર્તન અંગમાં :
રમતી રમણી ભાસે દિવ્ય નૂતન રંગમાં!

શોભે જેવી શુચિ નીસરતી માનસેથી મરાલી,
વર્ષા કેરાં વિમલ જલમાં નાચતી વા મૃણાલી;
ઓચિંતી વા તનુ ચમકતી મેઘથી જેમ વીજ,
બાલા તેવી બની ગઈ, ખરે અદ્ભુત સ્પર્શથી જ!

વૃત્તાંત પૂર્વ સઘળું વીસરી ગઈ એ,
દ્રષ્ટવ્યમાં દ્વિગુણબદ્ધ હવે થઈ એ,
સ્નેહોર્મિથી સદયની થઈ આંખ ભીની,
જોતો રહ્યો સરલતા કચ સુંદરીની!

તરે જે શોભાથી વન વન વિષે બાલહરિણી,
સરે વા જે રીતે સુરસરિતમાં સૌમ્ય કરિણી;
કરે એવું જ્યોત્સ્ના ભ્રમણ, ભ્રમણે ત્યાં અટકતો
શશાંક પ્રેક્ષીને સુભગ મણિ સેંથે ઝબકતો!

વિશુદ્ધ સ્નેહનું જોડું વિશ્વસૌંદર્યમાં વહે :
વિલાસી વિધુ ને તારા નભથી નીરખી રહે!

૧૬. ઉદ્‌ગાર

[ખંડ શિખરિણી]

વસ્યો હૈયે તારે :
રહ્યો એ આધારે :

પ્રિયે, તેમાં મારે પ્રણય દુનિયાથી નવ થયો!
નવા સંબંધોનો સમય રસભીનો પણ ગયો!

નહિ તદપિ ઉદ્વેગ મુજને :
નયન નીરખે માત્ર તુજને :

હરે દષ્ટિ, વ્હાલી! સદય મૃદુ તારી જ રુજને!
સદા હેંશે એવી :
સુધાવર્ષા જેવી :

કૃતિ માનું, દેવી! ક્ષણ સકલને જીવન તણી :
પ્રમત્તાવસ્થામાં નજર પણ નાખું જગ ભણી!

૧૭. માનસસર

અંતર ઊછળ્યું હો! સહસા ધૈર્ય ગળ્યું હો!

ક્ષોભ થયો વૃત્તિમાં અતિશય, તરંગ જબ્બર ચાલે :
માનસસર મારું ડ્હોળાયું, ખૂબ ચલિત જલ હાલે :
સ્થાનક ન મળ્યું હો! સહસા

હાય! વધે જલ, અલ્પ દીસે સ્થલ, છેવટ રે! શું થાશે?
નાજુક પાળ, પ્રચંડ ભરાવો : હા! શી રીતે સમાશે?
જલબલ ન ચળ્યું હો! સહસા

આવે ઉગ્ર ઉછાળા ઉપર, તોફાન ખરું જામે :
નાનું સર, દેખાવ ભયાનક! શાથી સદ્ય વિરામે?
પાછું ન વળ્યું હો! સહસા

રંગ ગયો બદલાઈ, ખરેખર નિર્મલતા પણ ઊડી!
જલસેના ઊભરાવાં માંડી, પાળો પણ ગઈ બૂડી :
સ્થળ સાથ ભળ્યું હો! સહસા

ઉપર થઈ ઢોળાય બધેથી મસ્ત ધોધવા દોડે :
જંગ બરાબર થાતાં નિર્બલ પરિસીમાને તોડે :
આખર ન કળ્યું હો! સહસા

૧૮. અદ્વૈત

એક જ અવર્ણ્ય સત્ત્વ વ્યાપ્ત સર્વ વિશ્વ વિશે,
અવકાશ કાલથી અનંત જેવું ભાસે છે;
જ્ઞાન, પ્રેમ, દયાથી વા દષ્ટિજાડ્ય દૂર થતાં,
ભિન્નત્વ પ્રતીતિ પણ સ્વલ્પ વારે નાસે છે;

અભેદની સાથે ઐક્યાનુભવ પ્રસંગોપાત્ત
અજ્ઞાત સ્વરૂપ છતાં સર્વ કોઈ પાસે છે;
પ્રમા વિષે સંશય વા અવિશ્વાસ લાવી જેઓ
તદ્રૂપ ન બને તેવા પછીથી વિમાસે છે!

દૂરત્વને દૂર કરી એક જ જણાય તેમ,
અનુરક્ત માતા બાલ હૃદય સમું ધરે :
શરીર જ ભિન્ન, નહીં અંશ, એમ સૂચવવા,
સખાઓ સખાઓ સાથ સ્નેહથી કોટી કરે;

અનુગ્રહ વા તો અનુકંપાની અવસ્થા વિશે,
મનુષ્ય અમાનુષને ઓળખે નહીં, ખરે!

પ્રેમથી થઈને મસ્ત, એકત્વ જાણી, કરીને,
યોગ્ય હૃષ્ટ, યુગ્મ રસસાગર વિશે તરે!

નવોઢા સ્થિતિમાં જ્યારે અજ્ઞ મૌગ્ધ્ય હતું, ત્યારે
એકત્વ વિશેની મારી પ્રાર્થના ન માનતી;
જડ દષ્ટિને જ માત્ર અનુસરનારી બાલા
તાત્પર્ય અભેદ તણું કશું નહીં જાણતી;

પ્રાબલ્ય થકી કદાપિ મારા ચિત્તનો આભાસ
પડે, ત્યારે જરા મારી ઇચ્છાને પ્રમાણતી ;
ક્ષણ એક દેખે, તોયે મૃગજલ જેવું ગણી,
એ જ સત્ય છે, એવું તો અંતર ન આણતી!

અધિક ગહન અન્ય વસ્તુઓનો અનુભવ
થતાં દષ્ટિ શુદ્ધતર ધીમેથી થતી ગઈ;
પોતે તો નહીં જ, પણ જ્યારે હું બતાવું ત્યારે,
“નહીં,” કહેવાની આગ્રહી મતિ જતી ગઈ;

સત્ય પ્રમા વિશે પછી અપૂર્વ આનંદ જોઈ,
પ્રથમ થવાની લજ્જા પણ તજતી ગઈ;
એકત્વનો અનુભવ આપવા થવાને માટે
નવાં નવાં સાધન રસાલ સજતી ગઈ!

વખત જતાં તો નહિ ભાષાની રહી જરૂર,
વૃત્તિઓ સમસ્ત ફક્ત આશ્લેષથી દાખવે,
પ્રેમ, ઉપકાર, હર્ષ, લજ્જા, ભય, ઉત્કલિકા,
સૂચિત કરે એ સર્વ અભિન્નત્વ રાખવે;

અસામાન્ય. ખૂબીને બતાવે કોઈ કોઈ વાર,
યોગ્યતાથી સ્વેચ્છા વિશે પરિચિત નાખવે;
જવને શમાવી, જરા અધૈર્ય નમાવી, પૂર્ણ
રસને જમાવીને સુધા સ્વર્ગીય ચાખવે!

૧૯. અશ્રુને આવાહન

બધે આ વેળાએ ગહન સરખી શાંતિ પ્રસરી,
વહી ચાલી રાત્રિ જગ સકલને નિદ્રિત કરી;
કર્યા કોટી યત્નો, બહુ બહુ ઉપાયો પણ વળી,
તથાપિ મારી તો, અરરર! હજી આંખ ન મળી!

મળે એ શી રીતે? નથી હૃદય પ્હેલાં તણું હવે,
બન્યું એ તો બીજું : બહુ જ બદલાયું અનુભવે;
હવે સૂવા દેતું નથી શયનમાં તુર્ત પડતાં,
નિશાઓ ગાળું છું અતિશય ઘણી વાર રડતાં!

અરે! એનો એ હું, બહુ વખત વીતી નથી ગયો,
હતો કેવો! આજે, અરર! પણ આવો ક્યમ થયો!
જરા ન્હોતી ચિંતા, હૃદય સુખમાં રોજ રમતું,
ખુશીથી, સૌ રીતે, સકલ વખતે, સર્વ ગમતું!

અરે! આજે તો રુજ હૃદયને દારુણ દમે,
બહુ રાખું ધૈર્ય, પ્રભવ પણ આઘાત ન ખમે;

નહીં આવે આંસુ, કઠિન બલ સાંખી ક્યમ શકું,
નથી ગ્રાવા છાતી, અશરણ હવે હું નહિ ટકું!

અરે! આવો, વ્હાલા! અંવર નથી આધાર જ રહ્યો,
વહો, આંસુ મીઠાં! વિષમ ભર જાતો નથી સહ્યો;
તમે ચાલો, વર્ષો, નયન થકી ધારા થઈ પડો,
બધે, અંગે અંગે, સુહૃદ સરખાં સત્વર દડો!

રહ્યાં છોજી મારાં શિશુપણું હતું તે સમયથી,
વિનંતીને મારી કદી પણ અકારી કરી નથી;
ઘણી વેળા ભીંજી તનુકુસુમને સૌમ્ય કરતાં,
શમાવીને હૈયું તરત વળી સ્વસ્થાન સરતાં!

નથી પાસે કોઈ પ્રિય હૃદયને શાંત કરવા,
ધરી સાથે છાતી જ્વલિત મહીં પીયૂષ ભરવા;
વહો માટો હાવાં, વિવશ બનતાં હું કરગરું,
તે ચાલો વ્હાલાં! સ્ફુટિતઉર આવાહન કરું!

ખરે! ત્યાં તો સ્નેહી સદય દિલમાં દૂર ઊછળ્યાં,
ચડયાં ઊંચે વેગે, ઉભય નયનો અંદર મળ્યાં;
પડી ધારા ધોળી અમૃત સરખી શીતલ હવે,
નહીં થાતાં ઓછી પ્રચલિત રહી તાદશ જવે!

વિચાર્યું મેં, વસ્તુ પ્રણય સરખી છે નહીં અહીં;
પ્રતીતિ કીધી, કે ફલ લવ નથી જીવન મહીં;
હજારો વાતોનાં સ્મરણ ગહને જ્યાં પડી ગયો,
રહ્યાં એ અશ્રુ તો નહિ, તદપિ નિદ્રાવશ થયો!

૨૦. પ્રણયમાં કાલક્ષેપ

નહીં આવે આડે પ્રણય પ્રણયીના હિત મહીં
કદા, ક્હેવું એવું, પ્રિયતમ સખે! લાયક નહીં;
દીસો તોયે ખોટું, સદય પર શું નિર્દય થવું?
તપાસી જો, જોશે અનુભવ વિશે અંકુર નવું!

વિચારે કે મોડું ક્ષણ પણ હતે, હા! નહિ વળે,
મળે જ્યારે ત્યારે : સમય વહી જાતાં નહિ મળે;
સખે! ધારા પ્રેક્ષી જલદ રસમાં સ્નાન કરવું,
જરા વ્હેલું? હૈયે નહિ, અરર! એવું ન ધરવું!

નથી તારું એ કૈં, સકળ રચના છે કુદરતી,
નિસર્ગે બંધાતી, ત્રુટિત પણ મેળે થઈ જતી;
પડ્યું જે સંગીત શ્રુતિ પર નભોમંડળ તણું,
અરે! જો માં તારો સમય, વિરલું, અંતર ઘણું!

સુધાનાં સત્ત્વોનું મધુર મધુ કોને નહિ ગમે?
સ્વભાવે પ્રેરાતું પ્રિય હૃદય નિષ્કારણ દમે!

ઉઘાડી દે હાવાં પણ વિહગને પિંજર જવા,
બની ઘેલું પેલી કુસુમરજમાં મૂર્ચ્છિત થવા!

૨૧. રતિને પ્રાર્થના

રસમય બન્યો કૈં કૈં ક્રીડા પ્રદર્શનથી પ્રિયે!
વિવશ કરવા, સ્પર્શે સ્પર્શે સગર્વ મથી પ્રિયે!
નવલ મધુર હાસ્યે હૈયું દ્રવી શરણે ગયું,
રતિ વિરમવું દેવી! હાવાં બચાવ બહુ થયું.

મૃદુ મદભર્યાં ગાત્રો તારાં તજી ન શકું કદા,
વિરલ કચથી આચ્છાદીને પ્રસન્ન રહું સદા;
નયન નમણાં, ગ્રીવા ધોળી, લલાટ સુહામણું,
અવિરત ફરી ચુંબી ચુંબી કૃતાર્થ નહિ ગણું!

અધિક સુખના કાર્યે આજે નિયોગ ઠરે જરા,
વિતત કરવી પક્ષો કાન્તે! પ્રવાસ પરે જરા!
ઉડુગણ હજી ભાસે વ્યોમે સવાર પડે નહિ,
ત્યમ વિચરવું વેગેથી ત્યાં વિમોહમયી મહીં!

નિજ સદનમાં શય્યા મધ્યે નિહાળીશ મિત્રને,
ચપલ દગથી જોશે શોધી સમાગમ-ચિત્રને;

પ્રહર પણ આજે વીતે તેજ એક જ અંતનો,
જનનદિન છે આજે તારા પ્રિયે! બલવંતનો!

સ્ફુરિત કરજે સ્વપ્નું આવું સખી! હળવે રહી —
સહ્દ પળતો રાત્રિમાં જ્યાં પરિક્રમણે વહી!
વિમલ કુસુમો વર્ષે હર્ષે સુમિશ્રિત વિસ્મયે,
ત્વરિત નીરખે ત્યાં બાલા બે રસાલ નવી વયે,

લલિત નમનેથી 'આયુષ્યમાન્' થવા વરદાન દે,
'જય જય' તણાં મીઠે કંઠે વળી વચનો વદે;
કરી અભિનયે અંગોની કૈં સુકોમલતા છતી,
જલધિજલના તારાઓમાં પડી ઊતરી જતી.

સ્વન મધુરતા વાદ્યે જેવી પ્રશાન્ત થતાં વધે;
પરિમત જતાં આઘે અંગો મહીં પ્રસરે બધે;
સહજ હળવે તેવી રીતે પ્રબોધ થવો ઘટે,
અસર સુખની ઊંડી જેથી નહિ સહસા માટે!

રવિકિરણને રંગી લેજે મનોહર રંગમાં!
મૃદુ પવનનાં મોજાં દેજે સુશીતલ સંગમાં!
વિજય સરખો દર્શાવીને મહોત્સવ સૃષ્ટિએ!
પ્રણય ઠરતો જોજે હર્ષ -પ્રકાશિત દૃષ્ટિએ!

નજર જ પડે તેવામાં જો કદી પ્રતિમા ભણી,
તરત બદલી દેવી તારે પ્રભા નયનો તણી;
વદન હમણાં સામે જાણે હસી અભિનન્દશે,
પ્રકટિત થતાં સ્નેહ સ્નેહી સખા અભિનન્દશે.

શુચિ હૃદયનાં સૌહાર્દોની સખી! અધિદેવતા!
પ્રણયમન આ વિશ્વે બોલે! તને સહુ સેવતા!
રતિરસ બધે રેલાવીને ફરી વળજે પ્રિયે!
સદય રહીને ક્યારે ક્યારે મને મળજે પ્રિયે!

૨૨. પ્રમાદી નાવિક

મનોહર તરંગ આ ઉપર ચંદ્રિકા વિસ્તરે,
સુધા ધવલ અંતથી ઝબક સાથ વિદ્યુત સરે;
વહી પવન મંદ મંદ જડ અંગ જાગ્રત કરે;
નહીં વિધુર અંતરે તદપિ કાંઈ આશા ઠરે!
***
હતો ચરસ મૂલથી સરતનો જરાયે નહીં,
નહિ સફર લાભની પ્રગટતી સ્પૃહા એ મહીં;
સદૈવ સુખનાવમાં સ્વજનસંગ માટે જતો,
કૃતાર્થ સહચારથી પ્રણયથી હંમેશાં હતો.

ફર્યા સકલ ખંડના નવનવે કિનારે અમે,
હવાઈ દરયાઈ કૈંક નીરખ્યા ચમત્કારને;
શશી સહિત રાત્રીઓ મહીં અનેક ગોષ્ઠી કરી,
ગયા દિવસે તે બધા! નહીં જ આવવાના ફરી!

ગયા, વખત આવતાં સ્વજન સર્વ છૂટાં થયાં,
ઘણા સફરમાં અને સરત જીતવાને ગયા;

રહી પ્રિયતમા સખી નિકટ માત્ર નૌકા પરે,
ગણી ઉભય અર્થ સર્વ ભટક્યાં મહાસાગરે!

ભર્યાં દિલ વિલાસથી, મધુર કૈંક ગાનો કર્યાં,
તર્યાં જલધિમાં અને વિરલ ટાપુઓમાં ફર્યાં;
જતાં નિકટ બંદરો નીરખતાં હલેસે વહી,
"ન હોય સુખનાવની કદર બંદરોને," કહી!

ઘણી વખત થાકતાં, નિજ કરે સુવાડી મને,
પ્રિયા ઉભય નાવને ચલવતી ધરીને કને;
કદી ગહન અંધકાર પ્રસર્યા પછી જાગતો,
તથાપિ ગણતો ગણતો નહિ, સદયની ક્ષમા માગતો!

અહો! હૃદયહીનતા! અવધિ છેક કાઠિન્યની!
વ્યથા ન સમજી શક્યો પ્રિયતમા મુખે દૈન્યની!
કદાપિ લઈ અંકમાં રસિક કૈં કથાઓ કહું,
ગણી પરિસમાપ્તિ ચિત્ત કૃતકૃત્ય માની લહું!

કહે કરુણ એકદા : "નવ જશું કિનારે સખે,
જરા જનસમાજમાં! જડ જલે થવાશે રખે!"
હતાં સજલ નેત્ર એ : મુજ ભરેલ નિદ્રા લસે:
પડયો તરત ઊંઘમાં! સ્મરણ તે ન હાવાં ખસે!
***
કરાલ રજની મહીં ગગન ગર્ત્તમાં ડૂબતી,
દગે દગ ઉઘાડતાં ચડી અનેક તારા સતી;
હતી શિથિલ નાવલી સ્થિર, જરા ન દીઠી ક્રિયા,
પડયો તરત જલ્પતો જલધિમાં "પ્રિયા! હા પ્રિયા!"

૨૩. વિધુર કુરંગ

શશી નીરખતો, અને ગગન મધ્ય ઊંડી કરી;
સુદૂર દગથી, કુટુંબરત તારલાઓ ફરી;
સુધા વરસતી બધે, નહિ જ ભગ્ન હૈયાં પરે,
ફરે, તરફડે, ઠરે નહિ જ, દેહ શાથી ધરે!

પ્રિયા પ્રિયતમા ગતા! જગત સર્વ ઝાંખું થયું,
ગયું સુખ, ગયું બધું, ન પણ જીવવાનું ગયું;
તજી ગઈ વિલાસિની નિજ કુરંગને, શાવને,
સૂતો મૃદુલ બાલ તાતચરણે, ન માતા કને!

હતી કઠિન ભૂમિ શૃંગખનને સુંવાળી જરા,
ગ્રહેલ રસનાગ્રથી શયન પાસના કાંકરા;
દીસે રજકણો શમ્યા સ્ખલિત બાષ્પથી પાસમાં,
કરે તદપિ શૈત્યનું હરણ ઉષ્ણ નઃશ્વાસમાં!

નહીં હૃદયની ભણી હૃદય એક હાવાં વળે;
નહીં નયનનને ફરી નયન તે પ્રિયાનાં મળે;

કુરંગ હતભાગ્યને ભવ અરણ્ય યાત્રા રહી,
કર્યાં કરવી એકલાં, વિવશ જીર્ણ અંગો વહી!

દિશા કઈ ભવિષ્યની ન કંઈ ભૂત તે સૂચવે,
પડી વિકટ વર્તમાન કુહરે રહેવું હવે;
પડી ઊચરવું, રડી ઊચરવું, ઠર્યું સર્વદા :
પ્રિયા! હૃદયદેવતા! પ્રિયતમા! સખી નર્મદા!

કદી સ્મરણ આવતાં રુધિરનીર નેત્રે ઝરે,
દયા સ્વજનને થતાં વદન પાસ પાણી ધરે,
નહીં સ્વજન તેઃ સખી સ્વજન એકથી તું હતી,
સહસ્રશત શલ્યમાં હૃદયની પથારી થતી!

૨૪. વ્હાલાંઓને પ્રાર્થના

[અંજનીગીત]
રોનારું ભીતરમાં રોતું :
લ્હોનારું ભીતર ના લ્હોતું :
દૂર સખાનું હૈયું
સાથે રોતું ને જોતું!

વ્હાલાંઓ! વ્હાલાંને કહેજો!
સાગરમાં તો સાથે વ્હેજો!
સ્હેવાનાં એકાબીજાનાં
સાથે સૌ સ્હેજો!

૨૫. વિપ્રયોગ

[અંજનીગીત]
“આકાશે એની એ તારા :
એની એ જ્યોત્સ્નાની ધારા :
તરુણ નિશા એની એ : દારા —
ક્યાં છે એની એ?

“શું એ હાવાં નહિ જોવાની?
આંખડલી શું નહિ લ્હોવાની?
ત્યાંયે ત્યારે શું રોવાની —
દારા એની એ?”
***
“છે, જ્યાં છે સ્વામીની તારા!
સ્વર્ગીની જ્યોત્સ્નાની ધારા:
નહિ જ નિશા જ્યાં આવે, દારા —
ત્યાં છે એની એ!

“છે ત્યારે એ ત્યાં જોવાની :

આંખડલી એ ત્યાં લ્હોવાની :
સ્વામી સાથે નહિ રોવાની —
દારા એની એ!

૨૬. મત્ત મયૂર

નાચે રસભીનો અલબેલો આવી રંગમાં રે!
શ્યામાં સંગમાં રે!

વીજળી વ્યોમ છટાથી તરે છે,
ઘોર ઘટા ઘન શોર કરે છે;
જોબન જોર ભરે છે એના અંગમાં રે!

હર્ષ પ્રિયા નીરખી પિયુ પામે,
લોચન લોચન માંહી વિરામે;
પ્રેમ પરસ્પર જામે પૂર્ણ પ્રસંગમાં રે!

રાગ પ્રસન્ન, મનોહર, ઘેરો,
હારક નાજુક ઢેલડી કેરો;
કરતો વિવશ નમેરો છેક અનંગમાં રે!

હૃષ્ટ ઊડે ચરણો પ્રિય પાસે,
મોહ કરે મધુરું મુખ હાસે;
ધસતો ભાસે વીર કુશલ રતિજંગમાં રે!

પિચ્છ પ્રદેશ જલે છવરાયો,
ગર્જનનું કરી પાન ધરાયો;
ચાલી હવે પ્રિય પાસ ભરાયો સંગમાં રે!

૨૭. પ્રિયાને પ્રાર્થના

મને તું એક દુનિયામાં રખે ઠપકો પ્રિયે દેતી!
રહી એ એક ઠપકાની મને પરવા : રખે દેતી!

ચડયો સંગીતને નાદે : બન્યો ચકચૂર હું રસમાં :
તને સ્વર જો સુણાવું તો, અરે! ઠપકો રખે દેતી!

નહીં એ નાદની, બાલે! કદર કૈં પામરો સમજે :
કદરની ના મને આશા! કહું, બેદિલ રખે કહેતી!

ન હાવાં કાલ પણ, વ્હાલી! જતો રસપૂર્ણ જીવનનો ક્રુઃ
નહીં દોલત તહીં મારી : રખે કંઈ મોહમાં હેંતી !

બતાવીશ કૈંક જોકે હું તને ભવના ચમત્કારો :
ગરીબી તોય હેંવાની : રખે સહ ગર્તમાં વ્હેતી!

કદાપિ ના શકીશ બોલી ફરીને સ્પષ્ટ આ શબ્દો :
ડૂબી રસસાગરે પડતાં જતાં ઠપકો રખે દેખી!

૨૮. મુગ્ધાને સંબોધન

તને રાખું હંમેશાં નેહભર હૈયે ન્હાની!
કદી તકસીર તોપણ થાય કહીએ ન્હાની!

નિઘા દિલદાર! રાખી દીનતા મારી ઉપર
જરા કંઈ મશ્કરી સહેવાય તો સહીએ ન્હાની!

"હવાં મોટી થતાં મુગ્ધા કહી શકશે ક્યાંથી?"
વિચારી એમ સ્હેજ ગુમાનમાં રહીએ ન્હાની!

બહુ શરમાળ જો તું તો ન હું ઓછો અંદર
અમે તો મર્દ હિમ્મત બ્હારની લહીએ ન્હાની!

કરીને ખ્યાલ બાલે! ચાલ જો ચહીએ વ્હાલી!
ચડી રસસાગરી મોજે પછી વહીએ ન્હાની!

૨૯. આશાગીત

અહા! શા આજ વર્ષાવે સ્વરો આત્મા પરે, આશા!
બળેલો આર્ત્ત એ શો એ સ્વરસ્નાને ઠરે, આશા!

ખરે! શું આવશે ત્યારે ફરીશું સાથ એવો દિન,
કદાપિ સ્નેહને સ્વર્ગે? કહે છે શું ખરે આશા?

અને શું રૂઝશે આખિર જખમ એ શુદ્ધ હૈયાનો?
અને એ ચાલશે સાથે? દયા કેવી કરે, આશા!

નહીં પરવા જરા અમને કશી એ વસ્તુ ઐહિકની :
કરે સંતોષ જો તેને, મને તો ઉદ્ધરે, આશા!

નિહાળું હા! ભવિષ્યે જો ઘડી પણ નેત્રરસ જૂનો,
સખીનો સૌમ્ય, હૈયું તો સુખે ભવમાં તરે, આશા!

મને મીઠી રહી આસ્થા સદા તવ ગાનમાં, દેવી!
સ્વરો એ દિવ્ય જીવનને ભરે ને સાંભળે, આશા!

૩૦. અનામી નામ

અનામી નામ તારું હા! સુખે એ હેંવાનું!
નહીં મારે કદાપિ કોઈને એ ક્હેવાનું.

તને પણ આખરે જ પ્રતીત છે સ્નેહી થવાની :
નહીં મારે અહીં સૌહાર્દ સુખ હા! દેવાનું!

ચડે આસ્માન તું, હું તો હજી પોષું પાંખો :
તને દેખાય ક્યાંથી રૂપ મારા જેવાનું !

છતાં સાચી પુરાની પ્રીત તારા આત્માની :
મને સરજ્યું જ આત્મવિયોગ અંતર સ્હેવાનું!

તથાપિ એક દિનની સાંભરે આશા જ્યારે :
રસીલા કોઈ જીવનસાગરે છે વ્હેવાનું!

અને જ્યારે અનામી વિશ્વને વ્હાલું એ નામ :
પ્રતિક્ષણ સ્વર્ગની વીણા મુખે છે લેવાનું !

૩૧. પુરાની પ્રીત

સ્વરો તારા મને મીઠા સદા લાગે વ્હાલી!
છતાં આત્મા સદા બીજા સ્વરો માગે વ્હાલી!

તને ચાહું હંમેશાં પોષતો આશા અંતર :
છતાં સંતોષ હાવાં ના બીજા રાગે વ્હાલી!

નહીં એ છે અજાણ્યો રાગ છેક તને બાલે!
સૂઝે તેવી સ્મૃતિ લહરી તટે વાગે વ્હાલી!

સખી! જો સાંભળે ઉસ્તાદની કૈં એ બાની;
સુખે ભ્રમભેદ આત્મા તો બધા ત્યાગે વ્હાલી!

અને બ્રહ્માંડમાં પ્રતિશબ્દ ફેલાતાં આખર
પુરાની પ્રીત સાચી સ્વપ્નથી જાણે વ્હાલી!

૩૨. રજાની માગણી

રજા આ હંસ માનસને, સખી! હાવાં દેવી:
વ્યથાઓ સ્નેહની સૌને, સખી! માંડી સ્હેવી!

રહ્યો સાથે બહુ : કીધું જરા કંઈ મીઠું ગાન!
જવા દેવો ઘટે: માલેકની મરજી એવી!

જવાનું જો બધાનું એક દિન ત્યાં આત્માને,
ઘટે છૂટાં થતાં કંઈ કાલ તો સ્થિરતા લેવી!

સદા સંભારશે એ માનસે પણ સ્નેહીને,
તૃષા રહેશે સમાગમની તને જેવી તેવી!

બધું તો રાખજે જૂનું નવું કંઈ સંભારી,
મળી નિજ વાસમાં વાતો, સખી! પડશે ક્હેવી!

૩૩. મિત્રને આમંત્રણ

તપની શાને, મૂરખ! તાપે સુકલ ઘાસમાં રે!
ગુરુબાની ગંભીર સરોવર શીતલ પાસમાં રે!

સ્નેહી છે માટે સમજાવું :
નહિ આ જડ પાણીનું ન્હાવું :
જ્ઞાનસ્વરનું ગાવું આતમ વાસમાં રે!

દોલત ને કીરત બે મીઠી,
ઝરણી તેં માયાની દીઠી;
મોહાધીન પડયો તું વ્યર્થ પ્રવાસમાં રે!

જ્ઞાન સમી શાંતિ ના તેમાં :
ભોળા રે! ભરમાયો શેમાં?
શું બેઠો દગ ખોઈ અવિદ્યાધ્યાસમાં રે!

ચાલ, સખે! હાવાં તો સાથે :
બોલાવ્યા બંનેને નાથે!
હેતે ગ્રહશે હાથે નિર્મલ હાસમાં રે!

૩૪. અગતિગમન

બધા ઝાંખા તારા, વિધુ પણ મહીં તેજ ન મળે,
થયેલું અંધારું પથિક તરુછાયાથી સઘળે;
નહીં ચાલે તેમાં ચરણ, દિલ તો દૂર ફરતું,
સખે! બીજે તો ક્યાં? પ્રિય હૃદયની પાસ સરતું!

નથી તેં શું ક્યારે ક્ષણ વિરલ એવી અનુભવી?
સ્ફુરંતી ઊંડાણે અસર સહસા અદ્‌ભુત નવી :
વિચારો રેલીને પ્રણયરસ સર્વત્ર ઊભરે,
અને ન્હાતાં ન્હાતાં હૃદય હૃદયાલિંગન કરે!

બને ત્યારે આંખો મૃદુલ શિશુના સ્વપ્ન સમ, ને
જતી ભાસે સ્વર્ગે સહજ શિરના સ્વલ્પ નમને!
ફરી પાછું હૈયું ક્ષણ અવરમાં વાસ વસતું,
અને અંધારાથી ચરણ સમજી શીઘ્ર ખસતું!

૩૫. પ્રણયવચન માટે પ્રાર્થના

[મિસિસ બ્રાઉનિંગના એક કાવ્ય ઉપરથી]
કહે, કે ચાહે છે : ફરી ફરી કહે, કે જિગરથી
મને ચાહે છે તું : કવિવર! સુખેથી વચન એ
લખ્યું કાવ્યે તેવું પરાભૂત તણું કૂજન બને!

વિચારી લે, વ્હાલા! રસમય ટહુકા વગર એ
નદીતીરે, ખીણે, અગર ગિરિપૃષ્ટસ્થિત વને,
બધી લીલા સાથે નહિ કદી વસંત પ્રગટતી!

પડયાં દૈવી જેવાં મધુર વચનો કૈં શ્રુતિ પરે,
હતી અંધારે ત્યાં; પ્રિયતમ! પ્રતીતિ નહિ થતાં,
તને ચાહું છું, એ ફરી પણ કહે, એમ વીનવું.

કહે માટે, ચાહું, જિગર થકી ચાહું, પ્રસરતી
ભલે વાણી એ તો રજત જ ઝણત્કાર સરખી,
અને એકાંતોમાં પણ નહિ જતો માત્ર વીસરી!

Say over again and yet once over again,

That thou dost love me. Though the word repeated
Should seem 'a cuckoo-song', as thou dost treat it,
Remember never to the hill or plain,
Valley and wood, without here cuckoo-strain,
Come the fresh Spring in all her green completed!
Beloved, I, amid the darkness greeted
By a doubtful spirit-voice, in that doubt's pain
Cry... Speak once more... thou lovest! Who can fear
Too many stars, though each in heaven shall roll—
Too many flowers, though each shall crown the year?
Say thou dost love me, love me. love me — toll.
The silver iterance! — only minding, Dear,
To love me also in silence, with thy soul.

૩૬. સ્નેહ માટે સ્વર્ગત્યાગ

[મિસિસ બ્રાઉનિંગના એક કાવ્ય ઉપરથી]

સખે! એવું છે શું? મરણ મુજ શું સત્વર થતાં,
તને ઓછું આવે કંઈ પણ પછી જીવન મહીં?
અને શું આ મારે શિર કબરમાં ભેજ પડતાં
તને ઝાંખાં લાગે રવિકિરણ — કાલાંતર અહીં?
સદા તારી, તોયે હૃદયગત આવી થઈ શકું,
નહીં એ જાણેલું : તદપિ ક્યમ હાવાં જઈ શકું?
અરે! મૂકી દે રે મરમ પરથી, જીવ! મમતા!
અને હાવાં, પ્રેમી! પ્રણય વરસાવી નયનથી,
પ્રિયાની સામે જો; શ્વસન કર મારા મુખ પરે!
અને જે બાલાઓ પરમ પદવી અર્પણ કરે,
જમીનોની સાથે, પ્રણયસુખની ખાતર મથી,
કરું હુંયે તેવું : કબર દઈ આપી, જગતમાં
રહું તારી સાથે, નયન પરનું જિન્નત તજી.

Is it indeed so? If I aly here dead,

Wouldest thou miss any life in losing mine?
And would the sun for thee more coldly shine.
Because of grave — damps falling round my head?
I marvelled, my Beloved, when I read
Thy thought so in the letter. I am thine-
But... so much to thee? Can I pour thy wine
While my hands tremble? Then my soul, instead
Of dreams of death, resumes life's lower range!
Then, love me, Love! Look on me... breath on me!
As brighter ladies do not count it strange,
For love, to give up acres and degree,
I yield the grave for thy sake, and exchange
My near sweet view of Heaven, for earth with thee!

૩૭. પ્રણયની ખાતર જ પ્રણય

[મિસિસ બ્રાઉનિંગના એક કાવ્ય ઉપરથી]

સખે! મારી સાથે પ્રણય કરવો, તે પ્રણયના
વિના બીજા માટે નહિ, નહિ જ આવું મન કહી :
“સ્મિતો માટે ચાહું, દગ મધુર માટે, વિનયથી
ભરી વાણી માટે, અગર દિલના એકસરખા
તરંગોને માટે, અમુક દિન જેથી સુખ થયું!”
બધી એ ચીજો તો પ્રિયતમ! ફરી જાય, અથવા
તને લાગે તેવી; અભિમુખ અને તું પ્રથમથી
થયો, તે એ રીતે વિમુખ પણ રે! થાય વખતે!
અને આવાં મારાં જલભરિત લૂછે નયન જે,
દયા તારી, તેથી પણ નહિ, સખે! સ્નેહ કરતો :
રહે કાં કે તારી નિકટ, ચિર આશ્વાસન લહે.
ખુવે તે એ પ્રીતિ, સદય! નિજ આંસુ વીસરતાં!
ચહો વ્હાલા! માટે પ્રણય જ તણી ખાતર મને!
ગ્રહે કે જેથી એ નિરવધિ યુગોમાં અમરતા!
If thou must love me, let it be for nought

Except for love's sake only. Do not say
"I love her for her smile... her look... her way
Of speaking gently... for a trick of thought
That falls in well with mine, and certes, brought
A sense of pleasent ease on such a day"—
For these things in themselves, Beloved, may
Be changed, or change for thee, ખ્રand love so wrought,
May be unwrought so. Neither love me for
Thine own dear piyt's wiping my cheeks dry, —
Since one might well forget to weep who bore
Thy comfort long, and lose thy love thereby.
But live me for love's sake, that evermore
Thou may'st love on through love's eternity.

૩૮. ગાનવિમાન

સખી! એ દૂર માનસનાં મને સપનાં ભાસે :
હવે થાક્યો બની લાચાર પલ્લવના વાસે!

વસ્યો વર્ષો ઘણાં : વર્ષો ઘણાં ધોયાં ગાત્રો :
ન પોષી પ્રાણને હાવાં શકું ઘરડે ઘાસે!

દગેદગ સ્નેહની તારા સમી ઝાંખું તારી :
નહીં પણ પાંખની શક્તિ હવે મારા શ્વાસે!

રહ્યું કર્તવ્ય પણ ના, જો! સલૂણો આકાશે,
તરે કલહંસ તારો નિર્મલે હસતો હાસે!

પ્રિયે! પ્રેરાય જો તવ દિવ્ય ગાનવિમાન હાવાં,
ગ્રહી ઊડી શકું, પ્હોંચું પછી ક્ષણમાં પાસે!

૩૯. મિત્રને નિવેદન

વદને બહુ નીર ભરાય, સખે!
તનુ ચેતન માત્ર હરાય, સખે!
જલને પડદે સઘળે નીરખું!
નીરખું નહિ નેહ જરાય, સખે!

કર વ્હાર, સકે!
કંઈ સાર, સખે!
હૃદયામૃત માર્દવધાર, સખે!

ભવમાં તવ એક સહાય, સખે!
નયનો દ્વયને જ ચહાય, સખે!
નવ ઐહિક આશ, હૃદા સહ જો!
હૃદયે થકી સિંધુ તરાય સખે!

૪૦. વત્સલનાં નયનો

તિમિરાશયનાં ગહને પડતાં,
સપનાં વિધુરાં નજરે ચડતાઃ
સહું તે, પણ કેમ શકાય, સખે!
સહી વત્સલનાં નયનો રડતાં?

નહિ તે કંઈ દોષભર્યાં નયનોઃ
પણ નિર્મલ નેહસરોવર સારસ—
યુગ્મ સમાં પરિપૂર્ણ દયારસઃ
એ જખમી દિલનાં શયનો!

૪૧. સ્વર્ગગીત

[અંજનીગીત]
માગો, કે વ્હાલાંઓ! મળશે :
શોધે, કે વ્હાલાંઓ! જડશે :
ઠોકો, કે વ્હાલાંઓ! માટે
દ્વારો ઉઘડાશે!

માગે છે તે તે કામે છે :
શોધે છે તે તે પામે છે :
ઠોકે છે તે તે વ્હાલાંને
દ્વારો ઉઘડાશે!

૪૨. ઘવાયેલો બુલબુલ

[અંજનીગીત]

અંધારામાં ઝુરાયેલો :
ઘુવડ-ચાંચે ચુરાયેલો :
કારાગારે પુરાયેલો :
ઘાયલ હા! બુલબુલ!

હૈયાને શાથી એ ખોલે?
શાથી એ બોલાવ્યો બોલે?
ઉલ્લાસે એ શાથી ડોલે —
ડોલાવે બુલબુલ?

૪૩. સ્થિતિભેદ

આંબાડાળે કોયલ બોલે :
મલ્હારો મોરલિયા ખોલે :
વ્હાલાંઓ પોઢયાં હિંડોળે :
જાવું ત્યાં હાવાં!
***
આંખલડીનાં આંસુ ખૂટયાં :
હૈયાનાં દોરડિયાં તૂટયાં :
રણવગડે લૂંટારે લૂંટયાં :
જાવું ક્યાં હાવાં?

૪૪. પવિત્ર ભોજન

[અંજનીગીત]

ભૂખે ના ભાખર જે ભાવ્યો :
તરસે ના આસવ જે ફાવ્યો :
છોડી તે સેવક સ્વામીનો
શબ્દ સુણી આવ્યો!

હાવાં તવ ભાખર છે લીધો :
દેવોનો દ્રાક્ષાસવ પીધો :
દુનિયાએ છો અળગો કીધો :
સ્વામી સાચવજો!

૪૫. પ્રભુપ્રાર્થના

[અંજનીગીત]

સાગર મોટા તાત દયાના!
એકલડા આધાર હયાના !
તારક! ધારક! વિશ્વશયાના :
સ્વામી ઓ મારા!

પાવન તારું નામ કરાજો :
સુસ્થિત તારું રાજ્ય ઠરાજો :
ઇચ્છા તારી સકલ સરાજો :
સ્વામી ઓ મારા!

Our Father which art in heaven, Hallowed be thy name.
Thy kingdom come. Thy will be doen in earth, as it is in heaven.
Give us this day our daily bread.
And forgive us our debts, as we forgive our

debtors.

And lead us not into temptation, but deliver us from evil : For thine is the kingdom, and the power and the glory, for ever. Amen. (St. Methew c.,vi. 9-13)

૪૬. મેનાવતીનું મૃત્યુ

અશ્રુ ઊભરે આજ જનેતા અશ્રુ ઊભરે આજ
ન્હાય સકલ આ વિન્ધ્યશિખર
તારાનો સ્નેહ સમાજ — જનેતા—

વર્ષ ગયાં થઈ રાજ્ય ગયા પછી
આજ ગણું ગયું તાજ, — જનેતા—

તાજ હવે નહિ જોય તુ સદૃશ
માનવ જાતિ સમાજ, — જનેતા—

લુપ્ત થશે વસુધા પરથી નહિ
તે તવ અદ્‌ભુત કાજ, — જનેતા—

તું જનની નહિ માત્ર, ગુરુ પણ :
છે તવ ભેખ કૃપા જ, — જનેતા—

હાવાં થયું ભવસાગરની પર
એક મારું જહાજ, — જનેતા—

૪૭. વ્હાલાંઓને ઉપદેશ

સાંભળજો, વ્હાલાંઓ! વચનો દીનનાં!
દીનપણું છે પરમ દયાળનું પાત્ર જો :
મોટો એ અધિકાર તમારો, માનવી!
અધિકારી છો જેના માનવ માત્ર જો!

એક પિતા પરમેશ્વર જાણો આપણો,
નિકટ સગાંઓ સમજો ભાઈ બહેન જો;
નીકો નાની મોટી જે જીવો તણી,
વહતું તેમાં એક અખંડિત વ્હેણ જો!

હસનારાંની સાથે હસવાનું ઘટે,
રડનારાંની સાથે રડવું તેમ જો;
એક બીજાનાં આંસુડાંઓ લૂછતાં,
ઊંચે ચડશો સ્ત્રીપુરુષો સૌ એમ જો!

ભૂતદયા છે ધર્મ બધાના મૂલમાં,
સઘળાયે સંતોનો એ ઉપદેશ જો;

દિવ્ય દયાસાગર! યાચંતાં આપજો,
દીન જનોને અમને એનો લેશ જો!

૪૮. કાર્ડિનલ ન્યૂમૅનની પ્રાર્થના

ઓ સ્નેહજ્યોતિ! દોરો : દોરો : દોરો રે મને!

આસપાસ અંધાર છે, રજની કાળી ઘોર!
દૂર રહ્યો ઘરથી ઘણો, પગમાં લેશ ન જોર!
ઓ સ્નેહજ્યોતિ! દોરો : દોરો : દોરો રે મને!

પદરક્ષા કરજો, પ્રભુ! પદ પર પાડી પ્રકાશ :
એક જ પદ માગું, નહિ આગળનો અભિલાષ :
ઓ સ્નેહજ્યોતિ! દોરો : દોરો : દોરો રે મને!

ન હતો આવો સર્વદા, ન હતો પ્રાર્થત આમ :
દોરો, તાત! દયા કરી, પહોંચું જેથી ધામ!
ઓ સ્નેહજ્યોતિ! દોરો : દોરો : દોરો રે મને!

માર્ગ નીરખવા ચાહતો, પસંદ કરવા તેમ :
પણ હાવાં પ્રાર્થું, પિતા! દોરો આપ જ એમ!
ઓ સ્નેહજ્યોતિ! દોરો : દોરો : દોરો રે મને!

The pillar of the Cloud
Lead, kindly light, amid the encircling groom.
Lead Thou me on!
The night is dark and I am far from hom,
Lead Thou me on!
Keep Thou my feet: I do not ask to see
The distant scene; – one step enough for me.

I was not ever thus, nor prayed that Thou
Shouldst lead me on!
I loved to choose and see my path; but now
Lead Thou me on!
I loved the garish day, and, spite of fears,
Pride ruled my will: remember not past years.
So long Thy power hath blest me, sur◌ી it still
Will lead me on,
O'er moor and fen, O'er crag and torrent, till
The night is gone;
And with the morn those angel faces smile,
Which I have loved long since, and lost awhile.

૪૯. મહેમાનોને સંબોધન

મહેમાનો! ઓ વ્હાલાં! પુનઃ પધારજો!
તમ ચરણે અમ સદન સદૈવ સુહાય જો!
કરજો માફ હજારો પામર પાપ, જે
દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો!
મહેમાનો! ઓ વ્હાલાં! પુનઃ પધારજો!

ઉન્નત ગિરિશૃંગોનાં વસનારાં તમે :
ઊતર્યાં રંક ઘરે, શો પુણ્ય પ્રભાવ જો!
શુશ્રૂષા સારી ના અમને આવડી!
લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવ જો!
મહેમાનો! ઓ વ્હાલાં! પુનઃ પધારજે!

૫૦. બાલરુદન

પિતા! પિતા! જગત્પિતા! તવ બાલકો રડે :
તવ બાલકો રડે, પિતાજી! ધોધવા દડે ! પિતા

મદદ કશી આપે નહીં, મોટાં તવ સંતાન :
નાનાં નિર્બલ બાલકો, પિતા! અમે હેરાન!
તવ બાલકો રડે, ને નૈને ધોધવા દડે! પિતા

નાનાં પણ તારાં અમે, નહિ એ કોને ભાન :
સાચું કહેતાં સાચને, દુનિયા ક્હે નાદાન!
તવ બાલકો રડે, ને આંસુ ધોધવા દડે! પિતા

૫૧. વસંત પ્રાર્થના

વસંત વનદેવતા! શુભ, સદેવ સત્યંવદા,
કરે વિહગ વિશ્વનાં મધુર ગાન તારાં સદા;
અને વનવને, અનેક ગિરિને તટે, સાગરે,
ભરે અનિલબાલકો વિરલ દિવ્ય તારા સ્વરો!

વિભૂતિ વિભુની પ્રસન્ન તવ નેત્રમાં દીપતી,
તૃષા હૃદય દગ્ધની નિમિષ માત્રથી છીપતી;
સખી સકલ જીવની! સદય દેવિ! સાષ્ટાંગથી
નમી ચરણમાં અમે યુગલ યાચીએ આટલું :—

વસો અમ શરીરમાં, હૃદયમાં અને નેહમાં,
કસો પ્રકૃતિ સર્વથા પ્રણયદાનની ચેહમાં :
વિશુદ્ધ સુખનાં લતાકુસુમ જીવને જામજો,
અપત્ય પરિશીલને વિમલ ધર્મને પામજો!

વસંત વનદેવતા! શુભ, સદૈવ સત્યંવદા,
કરો વિહગ વિશ્વનાં મધુર ગાન તારાં સદા!

અને અનિલબાલકો વિરલ દિવ્ય તારા સ્વરો
ભવો વનવને, અનેક ગિરિને તટે, સાગરે!

પર. સાગર અને શશી

આજ, મહારાજ! જલ પર ઉદય જોઈને
ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે,
સ્નેહઘન, કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ ગગન માંહી ઉત્કર્ષ પામે;
પિતા! કાલના સર્વ સંતાપ શામે!

નવલ રસ ધવલ તવ નેત્ર સામે!
પિતા! કાલના સર્વ સંતાપ શામે!

જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહી સરતી;
કામિની કોકિલા, કેલિકૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી;
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

તરત તરણી સમી સરલ તરતી,
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

૫૩. પશ્ચાત્તાપ

અરે! ધિક્કાર છે હુંને! બન્યો પાપી: બન્યો પાપી!
પિતાની સ્નેહની આંખો મહીં શૂળી, અરે! આપી!

તરફડું ધૂળમાં હાવાં : બદન પર ખૂબ સારું ખાક :
છતાં ના આગ હોલાતી! બન્યો પાપી : બન્યો પાપી!

પડયો કંગાલ હું મેળે, નજરથી પાપને જોતો,
સળગતા નીચ ખાડામાં! બન્યો પાપી! બન્યો પાપી!

પિતા આ પાપથી રક્ષો : રક્ષણ માગું : દયા બક્ષો :
અરે! હું દુષ્ટ શું માગું? બન્યો પાપી! બન્યો પાપી!

છતાં માંગું : પિતા! માગું : ક્ષમા માગું! સજા માગું :
અને એ નૂરની ઝાંખી પડેલો દાસ ના ત્યાગું!

૫૪. ચંદાને સંબોધન

તને હું જોઉં છું, ચંદા! કહે, તે એ જુએ છે કે?
અને આ આંખની માફક કહે, તેની રુએ છે કે?

અને તવ નેત્રમાં તે નેત્રનું પ્રતિબિંબ જોવાને,
વખત હું ખોઉં તેવો શું, કહે, તે એ ખુએ છે કે?

સખી! હું તો તને જોતાં, અમે જોયેલ સાથે તે,
સ્મરંતાં ના શકું સૂઈ! કહે, સાથી સૂએ છે કે?

સલૂણી સુંદરી ચંદા! ધરી તવ સ્વચ્છ કિરણોમાં
હૃદયનાં ધોઉં છું પડ હું : કહે, તે એ ધુએ છે કે?

૫૫. વ્હાલાંને આરામ

[અંજનીગીત]

માગું હો વ્હાલાંને આરામ!
યાચું હો વ્હાલાંને આરામ!
પ્રાર્થું હો બક્ષાવા, સ્વામી!
વ્હાલાંને આરામ!

વ્હાલાં, જે લાધેલાં માગી :
વ્હાલાં, જે સાધેલાં જાગી :
પ્રાર્થું તે રક્ષાવા, સ્વામી!
બક્ષાવા આરામ!

૫૬. પ્રભુપ્રાર્થના

નમું : નમું : જગત્પિતા! નમું : નમું : નમું!
દયા કરો કે સર્વદા પદાંબુજે રમું!

આજ્ઞા પ્રમાણે દિલ મહીંના દ્વેષને દમું :
તે હું નહીં : હું તો ભવાટવી વિશે ભમું!

પાપોની સજા થાય તે નીચે પડી ખમું!
જિતાડો જગન્નાથ! શાંતિએ પછી શમું!

દુનિયામાં ભલે કોઈને હું દીન ના ગમુંક્ષ
તમને ગમું જો તાત! તો ન કાંઈ તે સમું :

પ્રેરો! પ્રભો! પ્રસાદ તે રાજી થઈ જમું :
માગું નમી નમી આજ કે રસેશમાં રમું!

૫૭. એક પ્રશ્ન

[અંજનીગીત]

સર્વોપરી સ્વામીની સેના
સુમનસ સકલ, હૃદય રસ જેના
નાથ, નિવાસ, ભુવન ઊતરે ના —
એ તે કેમ બને?

૫૮. સખીને આમંત્રણ

ચાલો ને, સહિયર! ઉન્નત જીવનજલ ઝીલવાને જઈએ રે!
પુણ્ય સલિલ અવગાહનથી, સખી! અંતર પાવન થઈ રે!
ચાલો ને, સહિયર

પ્રભુના ગિરિથી અવતરે શાંત સદાશિવ નીર :
શમવે મનુકુલતાપને છાયા તરુવર તીર!

શીતલ સૌમ્ય સુધારસ, સુંદરી! રેલી રહ્યો જઈ લઈએ રે!
ચાલો ને, સહિયર

સ્ફટિક વિશદ વરસી રહ્યા સુરસરિતાના ધોધ :
લલિત કરી ક્લાંતાત્મને પ્રેરે પ્રાણ પ્રબોધ!

સાડી સજો, સખી! સ્નેહસુરંગી : વારિ પરસ્પર દઈએ રે!
ચાલો ને, સહિયર! ઉન્નત જીવનજલ ઝીલવાને જઈએ રે!

૫૯. પ્રાર્થના અને પ્રતિધ્વનિ

“પિતાજી! બચાવો : બચાવો : બચાવો મહાસાગરે!
જીવ મારો બહુ ગભરાય! બચાવો મહાસાગરે!

પારાવારે દુશ્મન મળી મારે, પિતા તારે નહીં બીજો માનવી.
દયાનિધિ! તમે જ સહાય! બચાવો મહાસાગરે !

નથી એકલની, નાથ! હોડી; પૂંજી છે ના થોડી પિતાજીના સ્નેહની :
મારે વાંકે રખે એ ડુબાય! બચાવો મહાસાગરે!”
***
“મહાસાગર દયા મહાસાગર! વ્હાલાંઓ, ડરશો નહીં!
નથી સંસાર પારાવાર! વ્હાલાંઓ, ડરશો નહીં!

દિલમાંના દુશ્મન દૂર થાશે, પાછા પડી જાશે પિતાજીના શબ્દથી :
પ્રભુ જીવનમાત્રાધાર! વ્હાલાંઓ, ડરશો નહીં!

હોડી દાનવ ના શકે તોડી : વિધાતાએ જોડી બધાં નિજ બાલની :
સ્વામી સંકટે ઉદ્ધારનાર! વ્હાલાંઓ, ડરશો નહીં!

૬૦. પ્રભુની પાઠશાલા

અમે ચેલા બધા ઘેલા : પ્રભુની પાઠશાલાના!
અમે ઘેલા અને મેલા : પ્રભુની પાઠશાલાના!

અમારામાં કશો ના માલ!
અમે તો મૂર્ખ ને કંગાલ!
છતાંયે બાળકો છઈએ : પ્રભુની પાઠશાલાના!

અમે ઘેલા બધા ચેલા : પ્રભુની પાઠશાલાના!
અમે મેલા અને ઘેલા : પ્રભુની પાઠશાલાના!

૬૧. ધર્મવિજય

છો લાખ વાર દયાલુ દેવ મનુષ્ય કુન્દનને કસે,
છો સાત લાખ સવાર રક્ત-સમુદ્રમાં સામે ધસે,
ત્હોયે નહિ ડરશો, પડી સહુ ગર્તમાં નીચે જશે,
સ્વામી સમર્થ સખા સદા રાજાધિરાજ વિરાજશે!

૬૨. નવલ નિવેદન

[રાગિણી આશાગોડી]

આપે મને નવરાવ્યો, ઓ તાતજી
આપે મને નવરાવ્યો!
રંક ગરીબ હું ભાવ્યો, ઓ તાતજી
આપે મને નવરાવ્યો!

શબ્દ સરોવર : તારક ભર્તા;
સ્નેહસુધા છવરાવ્યો, ઓ તાતજી
આપે મને નવરાવ્યો!

ભૂખ હતી શિવની કરુણાની :
ભાખર શો ખવરાવ્યો, ઓ તાતજી!
આપે મને નવરાવ્યો!

અદ્‌ભુત પાઈ શરાબ કશાનો,
રાગ નવો ગવરાવ્યો, ઓ તાતજી!
આપે મને નવરાવ્યો!

મારા મહીં નિજ સ્નેહે સુવાડી,
નર્મદાને ધવરાવ્યો, ઓ તાતજી!
આપે મને નવરાવ્યો!

રંક ગરીબ હું ભાવ્યો, ઓ તાતજી!
આપે મને નવરાવ્યો,
આપે મને નવરાવ્યો, ઓ તાતજી!
આપે મને નવરાવ્યો.

૬૩. અપાવરણ પ્રાર્થના

અંતરની શ્રુતિ ખોલો, ઓ તાતજી!
અંતરની શ્રુતિ ખોલો!
વેદનાં વાયક બોલો, ઓ તાતજી!
વેદનાં વાયક બોલો!
“હિરણ્મયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્ |
તત્ત્વં પૂષન્નપાવૃણુ સત્યધર્માય દષ્ટયે ||”

સુવર્ણમય પાત્રથી સત્યનું મુખ બંધ જે,
ઉઘાડી આપ તું, પૂષન્! સત્યધર્મદગર્થ તે!
વેદનાં વાયક બોલો, ઓ તાતજી!
વેદનાં વાયક બોલો!
અંતરની શ્રુતિ કોલો, ઓ તાતજી!
અંતરની શ્રુતિ ખોલો!

૬૪. અનંત વાત્સલ્ય

આપ જ આવા તો જોયા, પિતા પ્રભુ!
આપ જ આવા તો જોયા!
મેં તો માનેલું કે ખોયા, પિતા પ્રભુ!
આપ જ આવા તો જોયા!

દુર્બલ, દીન, નિરાશ , વળેલો,
દૂરથી દેખી શું રોયા? પિતા પ્રભુ!
આપ જ આવા તો જોયા!

પંકનિમગ્ન હતા ચરણો તે,
પોતે દયાથી શું ધોયા? પિતા પ્રભુ!
આપ જ આવા તો જોયા!
સ્વચ્છ કરી જખમો સહુ જૂના,
લેપ લગાડીને લોહ્યા? પિતા પ્રભુ!
આપ જ આવા તો જોયા!

મેં તો માનેલું કે ખોયા, પિતા પ્રભુ!
આપ જ આવા તો જોયા!

આપ જ આવા તો જોયા, પિતા પ્રભુ!
આપ જ આવા તો જોયા!

૬૫. તારકસ્તોત્ર

[મિ. મૅસનના ઇંગ્લિશ સ્ત્રોત્ર ઉપરથી]

પ્રભુ તારકની સહુ કીર્તિ કરો,
અવનીતલમાં અને સ્વર્ગ મહીં :
તેનું શાસન વિસ્તરો સર્વ જગે,
તેના રાજ્યનો અંત જ આવો નહીં.

જે છે સારું અને સાચું, એ સહુનો
તે છે આલ્ફા અને તે છે ઓમેગા એ;
ઝરો જિંદગીનો, સવિતા દ્યુતિનો,
બધા હર્ષ ખરા રહ્યા, તે ભેગા છે.

આદિ, અંત, તે ઈશ્વર માણસ છે,
તેનું આંતર સત્ ન કો જાણી શકે;
પણ માનવ દૈવી રૂપ મહીં
તેના આદિ ને અંત પ્રમાણી શકે.

જે છે, હતો, જે ફરી આવનારો છે,

સનાતન અનંત અહં બ્રહ્માસ્મિ,
પ્રભુ સૌ શક્તિમાન, સર્વોપરી ઈશ્વર!
દ્યાવાપૃથિવ્યો બોલો, તથાસ્તુ!
To Jesus Christ be glory given,
By all on earth; by all in heaven :
Let his dominion wide extend,
His glorious kingdom never end.

For He of all that's good and true,
Is Alpha and Omega too,
The fount of life, the source of light,
The spring of every true delight.

Beginning, Ending, God and Man,
His inmost being none can scan;
But in his Human Form Divine
The first and last united shine.

Who is who was, who is to cime,
Eternal infinite I AM;
The Lord Almighty God most high!
Amen let Heaven and Earth reply.

૬૬. આપણી રાત

[કવ્વાલી]

શરદ પૂનમની રઢિયાળી સદા,
મને સાંભરે આપણી રાત, સખી!
હસે આકાશે ચંદ્રમા, તારા લસે;
મને સાંભરે આપણી રાત, સખી!

વદને નવજીવન નૂર હતું;
નયને પ્રણયામૃત પૂર હતું;
હૃદયે રસમાં ચકચૂર હતું;
મને સાંભરે આપણી રાત, સખી!

ન્હાતાં ન્હાતાં પ્રકાશમાં, પ્રેમ તણી
કીધી વિશ્રબ્ધ વાતો રસીલી ઘણી;
કલ્પનાની ઇમારત કૈંક ચણી;
મને સાંભરે આપણી રાત, સખી!

તારું સ્વાર્પણ અંતરમાં જ લહું;

કથા અદ્‌ભુત એ જઈ કોને કહું?
સ્મરનાં જલ માંહી નિમગ્ન રહું;
મને સાંભરે આપણી રાત, સખી!

રાત રૂપાળી, રૂડી, રસાળી હતી;
આશકોની અપૂર્વ દિવાળી હતી;
આખી ઉત્સવ માફક ગાળી હતી;
મને સાંભરે આપણી રાત, સખી!

પ્રાણો આપણાનો ત્યારે યોગ થયો,
અંગેઅંગનો ઉત્તમ ભોગ થયો;
અને આખર આમ વિયોગ થયો!
મને સાંભરે આપણી રાત, સખી!

હસે આકાશે ચંદ્રમા, તારા લસે,
મને સાંભરે આપણી રાત, સખી!
શરદ પૂનમની રઢિયાળી સદા;
મને સાંભરે આપણી રાત, સખી!

૬૭. મનોહર મૂર્તિ

[કવ્વાલી]
દેવે દીધી દયા કરી કેવી મને,
અહા! મૂર્તિ મનોહર માશૂકની!
નવરંગ પ્રફુલ્લ, ગુલાબ સમી
મૃદુ, મૂર્તિ મનોહર માશૂકની!

નયને કંઈ નૂર નવું ચળકે,
વદને નવી વત્સલતા ઝળકે;
સખી! એક જ તું ગમતી ખલકે
મને, મૂર્તિ મનોહર માશૂકની!

શિરકેશ સુકોમલ સોહી રહ્યા,
સ્મિત જોઈને તારક મોહી રહ્યા,
કામધેનુ-શી બાલક દોહી રહ્યા
તને, મૂર્તિ મનોહર માશૂકની!

હૃદયે શુભ, ઉજ્જવલ ભાવ ભરો :
પ્રણયામૃતની પ્રિય ધાર ધરો :

સહચાર મહીં ભવ પાર તરો,
સખી! મૂર્તિ મનોહર માશૂકની!

નવરંગ, પ્રફુલ્લ, ગુલાબ સમી,
મૃદુ, મૂર્તિ મનોહર માશૂકની!
દેવે દીધી દયા કરી કેવી મને,
અહા! મૂર્તિ મનોહર માશૂકની!

પ્રાસંગિક

૬૮. કલાપીને સંબોધન

સુરતાની વાડીના મીઠા મોરલા!
ઊછળતા શા ઉરસાગર ઉલ્લાસ જો!
નિર્ઝરતી સૌભાગ્ય સુહાગન જ્યોત્સ્નિકા :
નયને ઝળકે નમણું નિર્મલ હાસ જો!
સુરતાની વાડીના મીઠા મોરલા!

આંજે ને અજવાળે આંખડલી સખી,
અંતર ઉપર ઊઘડે આલમનૂર જો!
હેત હૈયાનાં વહતી વાજે વાંસળી,
ઊડે સ્વર આકાશે અંદર દૂર જો!
સુરતાની વાડીના મોંઘા મોરલા!

નંદનવનના પ્રાસાદોની ટોચથી,
મધુરી કેકા આજે શી ઊભરાય જો!
સુરભિઓની સાથે સંસારે સરી,
અંતર્દ્વારે ગીતા શી અથડાય જો!
સુરતાની વાડીના મીઠા મોરલા!

"તત્સવિતાનુ ભર્ગ વરેણ્યં ધીમહિ ।"
ગાયત્રીનો જૂનો ભેદક મંત્ર જો!
આજે અન્ય પ્રકારે આ માથું નમે,
નમતો સાથે આત્માનો એ તંત્ર જો!
સુરતાની વાડીના મોંઘા મોરલા!

૬૯. હિંદ પર આશીર્વાદ

[રાગ વાગેશ્વરી]

ઉતારો જી અમ દેશે ઈશ્વર આશીર્વાદ.
બાંધવ દેશ થયા જાગ્રત સૌ :
એક રહી અમ દાદ!
ઉતારો જી અમ દેશે ઈશ્વર આશીર્વાદ.
શતકો વીત્યાં ભર નિદ્રામાં,
કીધો પૂર્ણ પ્રમાદ;
પૂર્વજની ઉજ્જ્વલ કીર્તિની
ન કરી સાચી યાદ! ઉતારો

જીવનવિગ્રહને નવ સમજ્યા,
કરતાં નિષ્ફળ વાદ :
આજ કરી કરુણા નવ યુગનો
નવલ સુણાવો નાદ! ઉતારો

૭૦. પરિષત્સત્કાર

[ઝૂલણા ગીત]

નવલ યુગનો દીસે સૂર્ય આજે ઉદિત,
હિંદ સંતાન ઉલ્લસિત ફરતાં :
બાલ વીરો અને પ્રૌઢ વીરો સહિત,
વીરા માતા તણાં વૃંદ સરતાં!

આદરો સંઘનું કાર્ય ઉછરંગમાં,
આર્યસંસારનું સુખ વધારો :
પૂજીએ પરિષદે પુનિત પગલાં અમે,
બંધુઓ ને બહેનો, પધારો!

પરિષદો છે પુરાણી પ્રથા આપણી,
નવલ આનંદ શો આજ રેલે!
સર્વનાં નયનમણિ દીપ્તિમય ભાસતાં,
હૃદયના રંગ શા રાસ ખેલે!

કેળવો દેશમાં દિવ્ય શિશુવાટિકા,

સજ્જનો! પ્રથમ નિજ ઘર સુધારો!
પૂજીએ પરિષદે પુનિત પગલાં અમે,
બંધુઓ ને બહેનો, પધારો!

૭૧. હિંદ માતાને સંબોધન

ઓ હિંદ! દેવભૂમિ! સંતાન સૌ તમારાં!
કરીએ મળીને વંદન! સ્વીકારજો અમારાં!

હિંદુ અને મુસલમિન : વિશ્વાસી, પારસી, જિન :
દેવી! સમાન રીતે સંતાન સૌ તમારાં!

પોષો તમે સહુને શુભ ખાનપાન બક્ષી :
સેવા કરે બને તે સંતાન સૌ તમારાં!

રોગી અને નીરોગી, નિર્ધન અને તવંગર,
જ્ઞાની અને નિરક્ષર : સંતાન સૌ તમારાં!

વાલ્મીકિ, વ્યાસ, નાનક, મીરાં, કબીર, તુલસી!
અકબર, શિવાજી, માતા! સંતાન સૌ તમારાં!

સૌની સમાન માતા, સૌએ સમાન તેથી :
ના ઉચ્ચ નીચ કોઈ, સંતાન સૌ તમારાં!

ચાહો બધાં પરસ્પર, સાહો બધાં પરસ્પર :
એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં!

૭૨. હૃદયગીતા

[બિભાસ અને પરજના સ્વરોમાં]

ધીરજ ધર ને, હૈયા તું મારા!
આત્મા શાશ્વત અમર છે!
દૂર થવાનું અંધ નિશાનું, અંધ નિશાનું, અંધ નિશાનું હા!
સ્વર્ગોમાં સ્નેહે ભેટવું!
સ્વામીનો શબ્દ તો સાંભળી માનજો :
દેહી શાશ્વત અમર છે :

નવ કુસુમ નવ મરતું!
પ્રભુ નિકટ ઝટ સરતું :
અયિ હૃદય! ધૃતિ ધર
દિલ નજર કર :
વિરલ તરુવર
વિરલ સરવર,
સમીપ સુરજનભવન ઝળહળતાં!

૭૩. કાંતાની પ્રાર્થના

[રાગ ગૌડ મલ્હાર : તાલ ત્રિતાલ]

વિભુ જે વિલસે, ચરાચરે હસે,
બધે વ્યાપ્ત વસે, રસે તે ભજું!
પૂરે ઇચ્છાને!

પતિ કાન્ત વર વિના નહિ અવર,
સકલ જગત સુખ સરવર, નરવર,
પરમ કારુણિક પિતા!

ઉપાધિ શમાવો,
કમાણી કમાવો,
જનોમાં જમાવો,
ન મારું ગજું! નૂરે ભીંજાવો.

૭૪. સ્મરદશા

[રાગ ક્લાઇડાની ધૂન : તાલ લાવણી]

રટ, રસના! રટ રસના!
પ્રિયતમનું નામ રટ, રસના!

લવ ઇતર ઉપર અબ વસ ના!
પ્રિયતમનું નામ રટ, રસના!

દિવસ રાત બસ એ જ વાત,
જપ કર પ્રિય નરવર જસના!

જપ કર પ્રિય નરવર જસના!
પ્રિયતમનું નામ રટ, રસના!

મનોહર રૂપ સ્મરું!
ધ્યાન તે ધરું, કશાથી ન ડરું,
સાગરો તરું, બિયાબાં ફરું!
સર્વ પરહરું, કાન્તને વરું!

અયિ રસિક રમણી! જરી હસ ના!
પ્રિયતમનું નામ રટ, રસના!

૭૫. ફકીરી

[રાગ ભૈરવ : તાલ દાદરા]

હવે શરણે પ્રભુ ચરણે દયાઝરણે!
અફસોસ, અફસોસ, અફસોસ ના કશો!

સંસારના બંધ તમામ તૂટયા,
સંબંધીઓના પણ દોર છૂટયા;
હવે રહ્યું શાશ્વત જીવવાનું,
પ્રેમે પ્રભુના પદમાં જવાનું!

પ્રિય પિયુ પરમ મુજ દિલને :
જલમાં, સ્થલમાં સઘળી પલમાં :

શું કરું? દયિત! શું કરું?
ખમવું, ભમવું : દિલને દમવું શિવમાં શમવું!

૭૬. વિરહાનલ

[રાગ હિંડોલ : તાલ દાદરા]
નહિ કંઈ ચેન પડે ક્યાંય રે, સજની ઓ!
ઘડી ઘડી પલ સ્મૃતિ ગભરાવે,
આંખ ન મિચાય નહીં જાય રે રજનીઓ!

ચિંતનથી પણ ઠારવા, કશો મળે ન ઉપાય,
સમજી ન હતી આવડી, વિરહાનલની લાય!

બહુ બહુ યત્ન કરું, દિલને દિલાસા ધરું,
તદપિ ન શાંતિ મળે ક્યાંય રે, સજની ઓ!

૭૭. રાસ

[રાગ બરવા જિલ્લા : તાલ હીંચ]

કાંતા

સખી! રમીએ લો રાસ રંગમાં!
હો મારી સાહેલી રે! મારી સાહેલી રે!
રમીએ, રમીએ લો રાસ રંગમાં!

રંગમાં ને અંગના ઉમંગમાં રે!
સખી! રમીએ, રમીએ લો રાસ રંગમાં!

ભરી ભરતી હૈયાની ગહન ગંગમાં હો!
સખી! રમીએ, રમીએ લો રાસ રંગમાં!

સહુ સાથે, હો! સહુ સાથે,
પદ પાડી ફરો ફૂદડી!
ઉભય હાથે, હો ઉભય હાથે,
દઈ તાલ સરો, સુંદરી!

તરો સ્વર્ગ નવલ ભર્ગ ભરી નેત્રમાં!
હરો ન:સાર સંસારનો ભાર આ વાર
આ દ્વાર ક્ષેત્રમાં!

પહેલી સખી
લસે ઉલ્લાસપૂર, હસે હૈયામાં હૂર;
વસે દેવો ના દૂર, સખી સંગમાં!
બીજી સખી
સખી? શું તારું રૂપ રચ્યું તાતે અનૂપ!
જીવન જંગમાં!
પહેલી સખી
અહો! શોભે શો આજ સુંદરીનો સમાજ,
બને અંતરનો પાજ, સરે સ્વર્ગે અવાજ;
સખી! કાંતા શિરતાજ સમી દીપતી!
કાંતા
ફરંતાં, સરંતાં, તરંગે તરંતાં,
કલાઓ કરંતાં, સુભગી ભરંતાં!
ભરી ભરતી હૈયાની ગહન ગંગમાં હો સખી! રમીએ

૭૮. છેલ્લું આલિંગન

[રાગ જૌનપુરી ટોડી : તાલ ગઝલ]
ભેટી લે પ્રાણ મારા!
સ્વર્ગોમાં ફરી તો છે ભેટવું!
પ્રીતિને ના પરહરો : તાવો!
પ્રભુને ઉછંગે, પ્યારા! લેટવું!

ભવમાં તવ આ મૈત્રી
હંમેશાં ગવાશે, જનો નહિ ભૂલે!

મરજીવા બનને,
સંસારે તો, પ્રિય! તરો, તારો!
પ્રિયોને પ્રભુ પંથે છે જવું!

પરિશિષ્ટ — ૧

૭૯. સ્મિતપ્રભાને

ક્યારે મળું, ક્યારે મળું, એની એ જ ઝંખનામાં
સ્વપ્ન વિશે એક વાર ભેટ પ્રિયાની થઈ;
ઝટ દોડી ઝાલ્યો હાથ એટલે તો પાછી ચાલી
પરમ પ્રયાસ વતી હાથ છોડાવી દઈ;
પિયુ ઝંખવાણો પડ્યો, પરિતાપ તેનો જોઈ
ભીતિ બધી દૂર કરી સસ્મિત પાસે ગઈ;
સ્મિતપ્રભા જોવા આડે બીજું કૈં કરી ન શક્યો
એટલામાં અરે, હાય! આંખ ઊઘડી ગઈ.

એ જ સ્મિતે હર્યું હશે કૃષ્ણનું રાધાએ ચિત્ત,
સુભદ્રાએ કુંતીપુત્ર મોહિત કર્યો હશે;
એ જ સ્મિતે દુષ્યન્તની ફેરવેલી હશે વૃત્તિ,
એ જ સ્મિતે નળરાય સતીથી ઠર્યો હશે;
એ જ સ્મિતે પુરૂરવ લુબ્ધ થયો ઉર્વશીમાં,
એ જ સ્મિતે વિશ્વામિત્ર દર્પને હર્યા હશે;
નહિ જોઉં એવું સ્મિત ફરી ફરી એમ જાણી,
પ્રીતમ મદાલસાનો ઘેલો થઈ ફર્યો હશે.

૮૦. સૃષ્ટિસૌંદર્યથી મન ઉપર થતી અસર

[માલિની]
મધુર મધુર ઠંડો વાય છે વાયુ આજે,
પરમ વિમલ શોભા ચદ્રિકાની વિરાજે;
અનુકૂળ સઘળી છે હર્ષની આજ ચીજો,
અવસર નહિ આવે આ સમો કોઈ બીજો.
[અનુષ્ટુપ]
વધતું કહીને શાને વ્યર્થ મારે વધારવું?
ફરવાને જવા ચાહું પ્રિયે! આપે પધારવું.
[મંદાક્રાતા]
વ્યાપ્યો આખા વપુ મહીં સુણી હર્ષ અત્યંત એને,
આવી સારી ઋતુ મહીં નહીં થાય આનંદ કેને!
“ઠંડી વાશે પ્રિય પતિ, કદી તો પછી કેમ થાશે?”
બાંધ્યો એવું કહી — હસી — મને પ્રેમથી હસ્તપાશે.
[રથોદ્ધતા]
સજ્જ એ ઝડપથી થઈ રહી, નીકળ્યાં સુખદતા મને વહી,

મંદ મંદ પિય સાથ જાઉં છું, વાટમાં સરસ કાંઈ ગાઉં છું.
[પુષ્પિતાગ્રા]
રસિત સમજીને પ્રમોદ પામી, નયનથી જોઈ રહી જ સામી;
કર મહીં કરને નખાવી ચાલે, પ્રણય થકી પતિને પ્રિયા નિહાળે.
[વસંતતિલકા]
દેખાવ તો બહુ જ સુંદર આસપાસ,
શી ચંદ્રિકા! કુસુમદામની શી સુવાસ!
આનંદ એ પ્રિય તણો વધતો જ ચાલ્યો
ને છૂટથી પ્રસરીને મન માંહી મ્હાલ્યો.
[અનુષ્ટુપ]
થવા લાગી મને ચિંતા, કેમ આનું હવે કરું?
હદથી વધતાં હર્ષ, પરિણામ થશે ખરું!
[મંદાક્રાંતા]
આવી ત્યાં તો વિકટ તરુની એક વિસ્તીર્ણ ઝાડી,
હેંતા જેમાં દિવસ સમયે નીચ લોકો અનાડી;
તેમાં શાથી કંઈ પડી ગયો વાત માંહી વિરોધ,
આવ્યો તેના પર મન થકી તુર્ત અત્યંત ક્રોધ.
[અનુષ્ટુપ]
વિનોદ સઘળો એ ક્યાં કોણ જાણે શમી ગયો;
વાતચીત પડી બન્ધ સ્વર છેક નમી ગયો.
[સ્વાગતા]
વાર તો બહુ ગઈ ન હતી જ્યાં એ પ્રદેશ થકી મુક્ત થયાં ત્યાં.
અંધકાર ટળતાં અજવાળું, એ સુશોભિત બહુ જ નિહાળું.
[સોરઠો]
મંદ સ્વરથી એક નાળું ત્યાં વહેતું હતું;

તે દેખીને છેક સર્વે તર્ક ફરી ગયા.

[સ્વાગતા]

ત્યાં સુધી ‘કદરહીન બહુ છે’ વાક્ય એ ઊચરતો દુખમાં હું;
‘એ જ એ જ જગ માંહી સહુ છે’ એમ શબ્દ નીકળ્યા મુખમાં ત્યાં.

[પુષ્પિતાગ્રા]

જગત બધું બહુ જ શાંત લાગે, અતિશય દૂર પ્રસન્ન વીણ વાગે;
ગગન પણ ખુશી જણાય છે આ, પવન મનોહર રાગ ગાય છે હા!

[અનુષ્ટુપ]

મસ્તકે પડવા માંડયા શીત અમૃતના કણો;
શાંત કોપ થયો મારો તથા હર્ષ વધ્યો ઘણો.

[વસંતતિલકા]

પ્રાણપ્રિયા મુજ થકી હતી દૂર થોડી,
ત્યાં હું ગયો હૃદય સાથ તુર્ત દોડી;
દર્શાવીને નયનથી સહુ ફેરફાર,
છાતી સમી કરી રહ્યો ધરી થોડી વાર.

[દુહો]

અશ્રુ આવ્યાં આંખમાં; થયો ગળગળો સાદ!
પૂરું બોલી નહિ શક્યો — ‘પ્રાણ-ક્ષમા-પ્રસાદ!’

[અનુષ્ટુપ]

લજ્જા તેણે તજી દીધી સ્વસ્થ તુર્ત મને કર્યો;
બાલાએ બાલચેષ્ટાથી ચિત્તના ખેદને હર્યો.

[ગીતિ]

શું શું ચેષ્ટા કીધી, તે વર્ણવવું નહીં ઉચિત ધારું;
અનુભવરસિકો સમજે, બીજાને શું જણાવવું વારું!

૮૧. ચંદાનો સંદેશો

[પદ]
આવો, અંદર આવો, વ્હાલાં વાસમાં!
સંદેશો શો લાવો ચંદાબ્હેન જો?
કોમલ શીતલ મધુર સુધા વરસાવતાં
સ્નેહ ભરેલાં નમ્ર તમારાં નેન જો : આવો

હૃદય સરોરુહ જીવન સમજી પોષજો :
જનસેવાનો ધરજો શાશ્વત ધર્મ જો :
પ્રગટ પિતાના પુણ્ય પુરાતન પથમાં
સ્નિગ્ધ પરસ્પર કરજો કેવલ કર્મ જો! આવો

૮૨. સ્વર્ગગંગાને તીર

[અનુષ્ટુપ અને મંદાક્રાન્તા]
સખે સ્વપ્ન થયું પૂરું ચાલી ગઈ વિભાવરી;
શું હવે સંભળાવું હું, નહીં જોઉં ફરી ફરી.
કાલે રાતે મુજ શયનમાં અપ્સરા એક આવી,
યંત્રો થોડાં નવીન કરમાં રાખીને સાથ લાવી;
મારા સામું ક્ષણ નીરખીને પ્રત્યભિજ્ઞા લહે છે,
ધીમે ધીમે મધુર વચનો આ પ્રમાણે કહે છે :
“વિમાન લઈને સાથે, આવી છું આપની કને,
સ્વર્ગમાં ફરવા ચાલો, આજ્ઞા છે બાઈની મને.”
ઊભાં મારા તનુ પર થયાં હર્ષથી સર્વ રોમ,
આવ્યું શબ્દો પ્રિયકર સુણી દેહમાં ખૂબ જોમ.
તેનાં યંત્રો ઉપર હળવે થાઉં છું હું સવાર,
ઊંડું ઊંચે તદપિ નીરખું સૃષ્ટિસૌંદર્યસાર.
પર્વતો થાય છે નાના, રસા બાલક જેવડી;
સરિતા સર્વ મુક્તાની માલાઓ હોય તેવડી.
જોતાંમાં તો થઈ ગઈ સખે પૃથ્વી અત્યંત નાની,
બીજા સર્વે ગ્રહગણ વિશે ઓળખું એહ શાની!

આવ્યો ત્યાં તો પરમ સુખને આપનારો પ્રદેશ,
સાહિત્યોની વિવિધ સુખમાં જ્યાં નહીં ખામી લેશ.
પૂર્ણ ચંદ્ર પ્રકાશે છે, વરસે છે સુધા સદા,
અંતરિક્ષ વિશે ગાય અપ્સરાઓ પ્રિયંવદા.
વૃક્ષોમાંથી પરિમલ લઈ વાયુ જે સંચરે છે,
સ્થાને સ્થાને હૃદયકમલો હર્ષથી તે ભરે છે;
મીઠો મીઠો રવ કરી કરે પક્ષીઓ સર્વ ગાન,
ક્રીડા કેરાં સદન નીરખી છેક ભુલાય ભાન.
“બીજું જોવા નહીં દેવું, આજ્ઞા છે એમ આકરી,
માટે આપ વળો આમ, કવિરાજ, કૃપા કરી.”
લીધો રસ્તો પ્રિય સખી તણું વાક્ય એ સાંભળીને,
છોડી દીધું અવર સઘળું અન્ય માર્ગે વળીને;
થોડી વારે પવનલહરી આવવા માંડી શીત;
ધીમું ધીમું શ્રુતિ પર પડયું દૂરથી કોઈ ગીત.
સાંભળી વિકૃતિ મારી આંખોમાં સહસા થઈ,
ઓળખ્યો સ્વર મેં એવું અપ્સરા સમજી ગઈ.
દેખાયો ત્યાં મધુર સ્વરના જન્મનો દેશ પાસે,
ઘાટાં વૃક્ષો મહીં પણ જહીં ચદ્રિકા સ્પષ્ટ ભાસે;
જોયો દષ્ટિ સ્તિમિત કરીને સ્વર્ગગંગાપ્રવાહ;
જેથી મારો ઝટ શમી ગયો મૂડ મર્ત્યત્વદાહ.
દર્શાવે છે કરી ક્રીડા શકુન્તો મનનો રસ,
સજોડ પુલિનો પાસે રમે છે હંસ સારસ.
આંખોમાંથી મુખ પર પડે જેમનું બાષ્પપૂર;
તે પોતાની પ્રિય સહચરી પાસ નાચે મયૂર;
ઘોળાયા છે પ્રણયરસથી જેમના ચક્ષ્વપાઙ્ગ.

રાત્રીમાંયે અનુભવ કરે હર્ષનો ત્યાં રથાઙ્ગ.
પશુઓ પક્ષીઓ વૃક્ષો પવનો પ્રસ્તરો સહુ,
ખૂબીદાર અહીં લાગે, દીસે આનંદમાં બહુ.
ધોળાં ધોળાં શશિકિરણ જે તોય સાથે ગળે છે,
તેથી તેને સરસ વધતી શ્વેત શોભા મળે છે;
વચ્ચે વચ્ચે સ્મરણ કરવા યોગ્ય દ્વીપો જણાય,
પાણી સાથે રતિ સમયનાં ભૂષણો ત્યાં તણાય.
પરિવર્તન પામે છે ચીજો ત્યાં આસપાસની —
જલમાં રચના જોશો તરુક્ષ્ત્તારકક્ષ્ઘાસની.
એ સૌ શોભા તજી દઈ હવે ધ્યાન બીજે જ જાય,
આહા! પાસે મધુર રવ એ વીણનો સંભળાય;
જાદુ જેવા અજબ ગુણથી વૃત્તિઓ મૂઢ થાય,
ઝાઝું તો શું પણ અવયવી ચેતનાયે ભુલાય.
સ્વરથી થઈને લુબ્ધ વાયુ એ મંદ વાય છે;
વીણા દ્વારે ખરે કોઈ મોહિનીમંત્ર ગાય છે.
થોડે થોડે પરવશ થયું, સર્વ મારું શરીર,
દૃષ્ટિ ઝાંખી, જડ બની જતાં દૂર દેખાય તીર;
પાસે આવ્યું સ્થલ તદપિ તે મેં નહીં કાંઈ જાણ્યું,
શુદ્ધિ માંહી મુજ મન પછી અપ્સરાએ જ આણ્યું.
જ્યાં હું આંખો ઉગાડીને ઊતરું છું વિમાનથી,
અરે રે, હાય! એમાંનું મારી સામે જરા નથી.
નીચે ઊંડો શ્રુતિપથ થકી ઊતરીને ફરે છે;
ઝીણો મીઠો વિરલ સ્વર, એ ચિત્તમાં શું કરે છે?
ક્યાં એ સર્વે અજબ રચના આંખની જાય ઊડી?
એની કેમે ખબર ન પડે શોકમાં જાઉં બૂડી!

કેની પાસે હતું જાવું અપ્સરા કોણ એ હતી,
એ વિચાર વિશે મારી હજી મૂંઝાય છે મતિ.
જાણું છું કે સ્વર અજબ એ હું જરા ઓળખું છું,
તોયે શાંતિ નહિ હૃદયને થાય એવો જ હું છું;
ઝાઝાં વર્ષો પર શ્રુતિપથે જે પડ્યો હોય, હાય!
એનો એ છે — ખચિત જ — સખે, એમ શાથી જણાય?
સ્વપ્ન અદ્ભુત એ મારું લંબાયું હોય જો કદા,
સર્વ નિશ્ચલ થાતાં તો સંતોષી હૅત સર્વદા.
રે! હું ક્યારે ફરી નયનથી સ્વર્ગગંગા નિહાળું!
જ્યોત્સ્ના તો એ ટળી ગઈ — થયું પાસ અંધારું કાળું.
દુર્ભાગી હું શયન પરથી હાય! નીચે પડું છું;
પાછું આવે નહિ તદપિ તે સ્વપ્નને હું રડું છું.
જાણું છું નામ હું તોય જણાવું કેમ આપને,
અનુમાન જ હોવાથી બહુ સંદેહ હૅ મને.

૮૩. પ્રિયા કવિતાને આશ્વાસન

[પુષ્પિતાગ્રા અને દ્રુતવિલંબિત]
“અરર મુજ હશે નસીબ કેવું
નથી મળતું ક્યહીં માન, હાય!” એવું
કહી પછી ચરણો વિશે પડે છે,
પ્રિય કવિતા મુજ વેગથી રડે છે.

બહુ જ વિસ્મય ખેદ મને થયો,
તદ્દન સ્તબ્ધ જ મૂઢ બની ગયો;
પણ પછી ઝટ શાન્ત જરા કરી
નિજ પ્રિયા સરખી હૃદયે ધરી.

રહી પણ ગઈ એ જરાક છાની
બહુ દિલગીર હું થાઉં એમ માની;
મુજ મુખ ભણી નેત્રને લહે છે,
અતિશય આર્ત્ત સ્વેર પછી કહે છે : —

“દિલ દયા ધરી માફ કરો મને
દુખી થઈ કરું છું દુખી આપને;

અરર જીવિત આમ ભલે જતું,
સહન, નાથ, નથી મુજથી થતું!

ગુણ નથી મુજ માંહી એક સારો,
નિજ મનમાં, પ્રિય પ્રાણ, એ વિચારો;
તદપિ પ્રણય શીદ ને કરો છો?
મૂરખ પ્રિયા પર ચાહના ધરો છો.

વિષમ ટેવ પડી મુજને ખરે,
હ્દયને બહુ માન ગમે અરે!
ગુણ વિના પણ કેમ જ એ મળે?
મફત નિર્બળતા થકી શું વળે!

નથી નથી નથી યોગ્ય હું તમારે
જીવતર આ નથી રાખવું જ મારે;
મનથી લઈ રજા હવે મરું છું,
પણ તમને પ્રિય મુક્ત હું કરું છું"

નયનથી બહુ નીર મને વહે,
હ્દય શબ્દ કહો ક્યમ આ સહે?
વચન તો મુખથી નવ નીસર્યું,
તદપિ ચુમ્બન મેં હળવે કર્યું.

ધડક ધડક થાય હાય છાતી,
ધીરજ રહી મુજનીય સાવ જાતી;
વદનકમલ જોઈને કહું છું,
નજર ઠરાવી ત્યહાં જ હું કહુ છઃ —

"કદર અવર શું જનો પિછાને ?—
મન મહીં એ ધરી શોક કોણ આણે?
ઉભય મળી મને ખુશી કરો છો,
પર પરવા શીદ અન્તરે ધરો છો?"

મધુર શબ્દ થકી ખુશ મેં કરી,
દિલગીરી મનની સઘળી હરી;
કરી વિદાય કહી બહુધા અને,
વિરહથી બળતી વનિતા કને.

૮૪. સામ (PSALM)

[રાગિણી આશાગોડી]

માર્ગો બતાવ ઓ સ્વામી! મને પંથો શિખાવ દયાના!
દોર મને તવ સત્યની માંહી, શીખવ વિશ્વશયાના!
મને તવ માર્ગો

તુજ પ્રભુ મુજ તારણ કેરો દિનભર તુજ પર થાના!
મને તવ માર્ગો

[સુધારેલો પાઠ]
માર્ગો બતાવ, ઓ સ્વામી! મને તવ પંથો શિખાવ દયાના!
દોર મને તવ સત્યમાં, શિક્ષણ આપ દયાળ!
તું સ્વામી તારણ તણો દિનભર તુજ હિ ખયાલ!
માર્ગો

૮૫. શાંતિ-પ્રાર્થના

[૫૬]

ઓમ્ શાંતિ સદા શિવ આપો, દયાધન! શાંતિ
સંહરો સંકટો શાપો, કૃપાધન! શાંતિ

શાંતિ પિતા, શુભ નામ તમારું
પાપ પ્રબલ, પ્રભુ, કાપો! દયાધન

સેવક હોઈ નથી કરી સેવા
શુદ્ધ જપ્યા નથી જાપો! કૃપાધન

સ્થાન ભવાટવી, ગાન પશુનું,
તપ્ત કરે પ્રભુ, તાપો! દયાધન

૮૬. આંતરસપ્તપદી

[૫૬]
આ પિતા, કર્યાં ક્રૂર કર્મો :
હણ્યાં મર્મો : પડ્યો; રડ્યો : પડ્યો! પડ્યો!

મને ન હતી આશા :
ખરે, પિતા! મને ન હતી આશા!
તેમાં અચાનક ગંભીર ગહ્વરે
દિવ્ય સુવર્ણિત જ્યોતિ જ્વલન્ત!
સ્નેહવસ્તુ! જ્ઞાનરૂપ! અનન્ત!

૮૭. નયન પ્રાર્થના

[પદ]

આપ જ તાતજી! દોરો હવે મને આપ#
રોતો હું આપનો છોરો હવે#

જંગલમાં ભટક્યો બહુ ઘાટે, વાટે મળ્યા કાળા ચોરો —
હવે મને આપ જ તાતજી! દોરો.
રોતો હું આપનો છોરો હવે મને —
આપ જ તાતજી! દોરો.

ગર્ત બધે પડતો ઝરડાતો આવી શકું નહિ ઓરો —
હવે મને આપ જ તાતજી! દોરો.
રોતો હું આપનો છોરો હવે મને —
આપ જ તાતજી! દોરો.

૮૮. બિરાદરોને પ્રાર્થના

[રાગિણી આશાગોડી]

સ્નેહ કરો ન સતાવો, બિરાદર! સ્નેહ
અન્ય અહીં નહિ લ્હાવો, બિરા
એક પિતા પરમેશ્વર સૌનો એ નિજ કર્મે બતાવો —
બિરાદર! સ્નેહ કરો ન સતાવો.
પ્રાણપદાર્થ કરી પુરુષાર્પણ ક્લેશ વિશેષ પતાવો —
બિરાદર! સ્નેહ કરો ન સતાવો.

૮૯. કવિતાદેવીને પ્રાર્થના

[૫૬]

ઓ દેવી! દેવી! દેવી! બોલાવી એ ના શકું,
તારાં હૃદયનાં દ્વાર ખોલાવી એ ના શકું.

મલિન કર્યું હૈયું તજી નહિ તવ આસન પાત્ર,
જ્વલતાં પશ્ચાત્તાપમાં શુદ્ધ હજી નહિ ગાત્ર.
ઓ દેવી...

૯૦. વ્હાલાંઓ, શા માટે સતાવો?

[પદ]

વ્હાલાંઓ, શા માટે સતાવો?
વાંક કશો જો હોય બતાવો!
પરમેશ્વરમાં પાપ પતાવો
માંગુ એ હાવાં!
વિશ્વપિતાનાં આપણાં બાલો :
સાંકડમાં તો સાથે ચાલો!
વસુધાની વાડીમાં મ્હાલો
માગું એ હાવાં!

૯૧. દીન ઉપર દયા કરજો

[૫૬]

દીન ઉપર દયા કરજો, ઓ નાથ, દીન
વિશ્વદુરિત પરિહરજો, ઓ તારક, દીન
દીન છતાં અમે બચ્ચાં તમારાં કરુણાસુધારસ ઝરજો,
ઓ પિતા, કરુણા દીન
ઓ સવિતા, પરમેશ, પિતાજી! ભર્ગ નયન માંહી ભરજો,
ઓ પિતા, ભર્ગ દીન

૯૨. સ્નેહગીત

[પદ]
પોકારું બેસી બારણે વ્હાલાં! ઉઘાડો દ્વાર;
વ્હાલાં ઉઘાડો દ્વાર, ઓ વ્હાલાં પોકા

હૈયું દેવાલય ખરું દીન દયાનું દ્વાર,
યજમાનો માનવ બધા સારાનો એ સાર,
ઓ વ્હાલાં, શાને લગાડો છો વાર?
ખોલો દ્વાર, આવો બ્હાર, પ્રાણાધાર! પોકા

૯૩. અનંત સહચારની પ્રાર્થના

[૫૬]

અત્યારે અબઘડી મળીએ, પ્રિયતમે, અત્યારે
હૃદય પરસ્પર હળીએ, ઓ પ્રિયતમે, અત્યારે

લગ્ન થયાં તે આપણો પ્રભુ ઘરમાં સહબન્ધ,
સ્મરણ કરું, બોલી તહીં 'શિરને સોંપ્યું સ્કન્ધ'! અત્યારે

૯૪. સ્વર્ગસ્થ દેવીને પ્રાર્થના

[૫૬]
આવો, આવો, આવો, આવો, દેવી!
આવો આવો, આજ!
માગું આવો, આવો, આવો, દેવી!
આવો, આવો, આજ!

રજની ખીલે છે નવી નિર્મલ ધવલ પ્રકાશ,
સાગર ગાય સુહામણું હૃદયે પ્રકટે આશ :
સ્વામીનાં દયાળું દેવી! કરશો ના નિરાશ,
માગું કરશો ના નિરાશ.

દેવી! આવો, આવો, આવો, આવો,
આવો, આવો, આજ!

૯૫. પતિપત્ની સંવાદ

[રાગ : પહાડી, ઝીંઝોટી : તાલ હીંચ]
સ્નેહ ઝરણી! સખી! સ્નેહ ઝરણી!
રૂપ વધુ શોભાય :
દેખી દિલ લોભાય!

આવ, વ્હાલમની પાસ આવ :
સુંદરતા ખાસ લાવ :
અંતરના હાવભાવ
લેશ, સખી! ના છુપાવ :
સ્વર્ગોની સાચી સરણી!

કૃપાના છો નિધાન :
પ્રાણના છો જી પ્રાણ :
હું તો દાસી અજાણ :
મને આવું શું માન!
અહો સ્વામી સુજાણ!

કરો ચાહે તે પાન!
દેહીએ દીધેલું દાન!

કુલની કામિની !
દિલની દામિની!
યમની યામિની!
વ્રણની વામિની!
સહુ સંતાપની શામિની!

વ્રીડા કંઈ હરજોજી :
ક્રીડા કંઈ કરજોજી :
ઉલ્લાસે ફરજોજી :
ભાગ્યોદય ભરજોજી :
સાગરિયે સરજોજી, રાજ!

૯૬. કુસુમની બીમારી

કુસુમ મારું કરમાય, અરર! હૈયું ભરમાય;
ઊંડું ઊંડું શરમાય : સખે, શું કરું હવે?

“દાવાનલમાં દેશનાં બહુ બહુ કુસુમ હણાય!
સહુ તે જીવન પામવા તાતા સમીપ તણાય!”

શ્રુતિ સ્વર્ગોની તોય, ભુવન જેનાથી સ્હોય,
નયનધારા તે લ્હોય, સખે શું કરું હવે?

સૌમ્ય સ્નેહોને ધામ : એકલાને આરામ;
કુસુમ નીરખું તે આમ! સખે, શું કરું હવે?

૯૭. શાસ્ત્રોપદેશ

[રાગ નટઃ તાલ ચતુસ્ત્ર જાતિ ત્રિતાલ]

સદા વચન ઋત બોલો ને!
અતિશય અહિત રહ્યું અસતમાં :
સાચું કહ્યા થકી હાનિ ભલે થાય,
તદપિ ન ઈતર ધર્મ મતમાં!
સત્યમેવ જયતે |
ના ડરવાનું : ના ફરવાનું :
વિરલ ગહન વ્રત કઠિન વિષમ સત પરમ સાધુ તણું!
ફલ પણ તેમાં ઘણું :
શાસ્ત્રો બોધે એવું ફરી ફરી :
ખરું હૃદય નિજ ખોલો ને!

૯૮. કાન્તની સ્મરદશા

[રાગ ભૈરવી : તાલ ત્રિતાલ]
હા! અગન ઇશ્કની જાગે!
હા! અનહદ લગની લાગે!
સંસારે મસ્ત છું !
તન, મન, ધન, સહુ જલ સમ વિગલિત:
હા! હા! હો! મસ્ત છું!

સુતનું હૃદય સહ વળગી;
ક્ષણ પણ નવ કરું અળગી;
નયનસુમણિ શિર કલગી!
હા! હા! હો! મસ્ત છું!

ઇશ્ક છે શી ચીજ તે કવિ મસ્તને પૂછયું ઘટે,
દિલ સુનેરી પાત્રને વૈરાગ્યથી લૂછયું ઘટે;

આતશે ઇશ્ક તે છે, જેમાં સમંદર બલ જાય!
કોરાઓને વેદે કહ્યું : તેમાં અહંતા જલ જાય!

વિભૂતિ વિરલ પરમની,
વિમલ, સુખદ, શી રમણી!
નવલ કુસુમ-શી નમણી!
ક્ષણ પણ ન કરું અળગી!
સુતનું હૃદયથી વળગી!
નયનસુમણિ શિર કલગી!

પારાવારે હો મસ્ત છું.

૯૯. કાંતાનો ઉલ્લાસ

[રાગ બિહાગ : તાલ ત્રિતાલ]

આજ ઉલ્લાસ ઉલ્લાસ અંતરમાં થાય!
સ્ફુરે ઊંડાણોમાં હાસ,
સ્વર્ગ સરીખાં ભાસ;
દિવ્ય દશાનો રાસ
રાગિણીઓ ગાય!

નિહાળીને સલૂણી છબી,
પ્રીતિ વર્ષે, ને આકર્ષે, હૈયું હર્ષે ન્હાય!

૧૦૦. કાંતાની સ્મરદશા

[રાગ કાફી : તાલ ત્રિતાલ]

હા! સમજું ન શું મને થયું!
દગથી ગયું બલ, ના રહ્યું!
કુમાર નિહાળી બીમાર છું:
મારું બાલાપણું એ વહ્યું!

અનુભવ આ નવો હુંને,
હૃદયને પૂછવું કોને?
કશાથી થાય ના શાન્તિ,
અનેરી ઊછળે ભ્રાન્તિ!

નજર ના ઠરે, ગિરિવરો! પરે :
એ જ સૂરત! એ જ મૂરત! નૈન ઝૂરત દર્શને!
શું નહિ મળશે? શું નહિ વળશે?
શું નહિ કળશે?
ભાસે પાસે, હાસે રાસે!

૧૦૧. કાન્તને સંબોધન

[રાગ ઝીંઝોટી : તાલ ત્રિતાલ]

શાં વ્હાલાં લાગે વેણ તમારાં કોડીલા કુંવરજી!
ઉછાળા મારે શૂર, તનમાં ધસે પૂર;
નૈનમાં હસે નૂર, ચિંતાઓ કરે ચૂર!

ઓ મારા પ્યારા! મારા પ્યારા! મારા પ્યારા!
રેલાવો રતિધારા! ખેલાવો ખેલ સારા!
કોડીલા કુંવરજી!

અયિ સુવીર! હૃદય કરી! નિકટ નીર! સુખદ તીર!
ધર ન ધીર કાં? ધર ન ધીરા કાં? ધર ન ધીર કાં?
અંતરમાંના ઉમળકા શા ખોલું? જાણો છો મરજી!
જાણો છો જી મરજી!

૧૦૨. હિંદી વીરોને સંબોધન

[રાગ પહાડી : તાલ તિસ્રજાતિ દાદરા, તિસ્રજાતિ દીપચંદી તથા ચતુસ્રજાતિ ત્રિતાલ]

પ્રમાદને છોડી,
કીર્તી તરફ જોડી,
હૃદય સમરમાં ચડો,
આગ્રહથી દોડી;
પાછી પાની જરાયે ના ઘટેઃ

વીરો કશાથી ના ડરે લાખો શરો સામે!
દેશને બચાવવા કે લોકના ભલાને માટે,
જખમ કદી પડે, શ્રમ તનને ચડે,
છતાં અન્ય નહીં ધન્ય :
નવ ડરો, નવ ફરો, શ્રમ હરો,
ઉર ધરો, જય ખરો, નયન ત્યાં ચોડી!

૧૦૩. અંતિમ પ્રાર્થના

[૫૬]

ઊંચાં પાણી મને આ સતાવે પિતા!
પ્રભુ તારક! સત્વર ઉદ્ધારી લ્યો!
કૈંક નારકી દૃશ્ય બતાવે, પિતા!
મને પાતકીને દયાથી તારી લ્યો!

મારી હોડી ખરાબમાં તૂટી ગઈ :
મારી જોડી હા! માયા તે લૂંટી ગઈ :
મારી હિંમત છેક જ ખૂટી ગઈ :
પ્રભુ તારક! સત્વર ઉદ્ધારી લ્યો!

મારાં પાપ તણો અરે! પાર નથી :
મારા અન્તરમાં કશો સાર નથી :
ભવસાગરે અન્ય આધાર નથી :
પ્રભુ તારક : સત્વર ઉદ્ધારી લ્યો !

પરિશિષ્ટ — ૨

૧૦૪. મંદાક્રાન્તા

જો! એ આવે, કંઈ બબડતો ચાલતો, મંદ મંદ,
સંચા પેઠે ચરણ ઊપડે, ને વળી વૃક્ષવૃંદ,
જોવા માટે ઘડી ઘડી પછી એહ ઊભો રહે છે,
શા માટે એ નથી ખબર કૈં દુ:ખ આવું સહે છે.

થોડું ચાલી અટકી જઈને એ કરે છે વિચાર,
જોતો જોતો સ્થિર નજરથી ચાંદનીની બહાર,
રાખ્યા છે બે કર લટકતા, છે નહીં કાંઈ ભાન,
લાગેલું છે, નથી ખબર કૈં, શા મહીં તેનું ધ્યાન.
વારે વારે શિર કર ધરી એહ ન:શ્વાસ નાખે,
ધીરે ધીરે કંઈક મુખથી વાણી અસ્પષ્ટ ભાખે,
ક્યાં ચાલે છે નથી કંઈ નિશા ઠોકરો તેથી ખાયે,
શું છે તેને દરદ દિલનું કાંઈ એ ના જણાયે.

જાતાં જાતાં નદીતટ પરે એહ આવી ચડે છે,
ઓચિંતો તે શીતજલ વિશે એ બિચારો પડે છે,

તોયે તેને ગમગીની કંઈ એ તણી તો ન થાય,
આવો વ્યાધિ અજબ જબરો તેહનો શો ઉપાય!

ચિંતા માંહી નિજ વપુ તણા નૂરને એ ગુમાવે,
ભાવે નૈં કૈં વળી રજનીમાં લેશ નિદ્રા ન આવે,
કોઈ સાથે વચન મુખથી બોલતો એ નથી જ,
લાગે છે કે હૃદય મહીં કૈં, છે ખરું તેનું બીજ.

૧૦૫. પ્રલાપ પ્રાર્થના

આવી છે સખી આપની પાસ, પિતા!
તને સ્નેહ બતાવીને સાચવજો!
કરે પ્રાર્થના દીન આ દાસ, પિતા!
તેને સ્નેહ બતાવીને સાચવજો!

કલિનું બલ જે થકી દૂર હતું;
ઘરમાં પ્રિય શીતલ નૂર હતું!
સુખ સૌમ્ય સદા ભરપૂર હતું;
તેને સ્નેહ બતાવીને સાચવજો!

હતું હૈયું એ વત્સલતાથી ભર્યું;
વચનામૃત કોમલ નિત્ય ઝર્યું;
હું પાસેથી અચાનક શાને હર્યું?
તેને સ્નેહ બતાવીને સાચવજો!

તનું અંગ હજી દગ પાસ તરે;
કૂણી આંગળીઓ જાણે સ્પર્શ રકે;

ધરણી પર આ મુજ સાથ સરે;
તેને સ્નેહ બતાવીને સાચવજો!

આપે બક્ષેલી ને આપે પાછી લીધી;
રાખી આટલાં વર્ષ એ હેમ કીધી;
વ્યથા લાંબી વિના હા! ઉઠાવી લીધી;
તેને સ્નેહ બતાવીને સાચવજો!

મુનિને ત્યાંથી સન્મતિદાન કરે;
હૃદયે શુભ સુંદર શેષ સરે;
નવો પ્રાણ જયંતકુમારે ભરે;
તેને સ્નેહ બતાવીને સાચવજો!

તેનું નામ આ હિંદ સમસ્ત જપે;
દેવી નર્મદાને તટે તાપ તપે;
સ્વર્ગમાંય મને તો ન બીજી ખપે;
તેને સ્નેહ બતાવીને સાચવજો!

અપરાધી છું પાપ અનેક તણો;
મુજ અંતર છે હજી મેલ ઘણો;
જેવો છું તેવો સેવક નાથ! ગણો;
તેને સ્નેહ બતાવીને સાચવજો!

મને દર્શનનો અભિલાષ હજી;
મને સ્પર્શનનો અભિલાષ હજી;
મને લગ્ન તણી પણ આશ હજી;
તેને સ્નેહ બતાવીને સાચવજો!

તેની ડોલર ના કરમાઓ કદી;
તેની વાડી નહીં શરમાઓ કદી;
નહીં વહેમ વિશે ભરમાઓ કદી,
તેને સ્નેહ બતાવીને સાચવજો!

કરે પ્રાર્થના દીન આ દાસ, પિતા!
તેને સ્નેહ બતાવીને સાચવજો!
આવી છે સખી આપની પાસ પિતા!
તેને સ્નેહ બતાવીને સાચવજો!